Monday, 21 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



સતત પ્રયત્નો કરવાથી, સફળતા જરૂર મળે છે, આપનું ભવિષ્ય રોશન કરો.

- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૭૦ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ દશમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### ‘આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસ ૨૦૨૬’ના ઉપલક્ષમાં

## ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા દમણના દેવકા બીચ ખાતે દરિયાકાંઠાની કરાયેલી સ્વચ્છતા



**દેવકા બીચ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા હાથ ધરાયેલી દરિયાકાંઠાની સ્વચ્છતા ઝુંબેશમાં ૬૦૦ જેટલા સહભાગીઓએ ભાગ લઈ ૩૫૦ કિલો જેટલો દરિયાઈ કચરો ભેગો કરી દરિયાકાંઠાની કરેલી સાફ-સફાઈ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

‘આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસ ૨૦૨૬’ મનાવવા અને ‘સ્વચ્છ સાગર, સુરક્ષિત તટ યહી પહેચાન હમારી’નો સંદેશ આપવા માટે, ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન દમણ દ્વારા સ્થાનિક સ્વયંસેવકો અને હિતધારકોના સહયોગથી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ શનિવારે દમણના દેવકા બીચ-નાની દમણ ખાતે દરિયાકાંઠાની સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેવકા બીચ, જે તેના મનોહર દરિયાકિનારા અને કુદરતી સૌંદર્ય માટે જાણીતો છે, તે દરિયાઈ પ્રદૂષણ વિશે જાગૃતિ લાવવા અને દરિયાકાંઠાના ઈકોસિસ્ટમના રક્ષણ પ્રત્યે સામૂહિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના હેતુથી પર્યાવરણીય પહેલનું કેન્દ્રબિંદુ હતું. આ સ્વચ્છતા ઝુંબેશમાં ભારતીય કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ અને તેમના પરિવારો, એન.સી.સી. કેડેટ્સ, કોલેજના વિદ્યાર્થીઓ, કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને સ્થાનિક સ્વયંસેવકો સહિત આશરે ૬૦૦ જેટલા સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહભાગીઓએ સાથે મળીને આશરે ૩૫૦ કિલોથી વધુ ઘન કચરો દૂર કર્યો હતો,

- (વધુ પાના નં.૨ પર)

## રામદૂત સેવા સંઘ-લેસ્ટરના ગણપતિ ઉત્સવમાં કોળી પટેલ સમાજ દમણ-યુ.કે.ને મળેલું આમંત્રણ



**કોળી પટેલ સમાજ દમણ-યુ.કે.ના અધ્યક્ષ વાસુભાઈ પટેલ સહિત સમાજના અનેક આગેવાનોની રહેલી ઉપસ્થિતિ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**લેસ્ટર(યુ.કે.), તા.૨૦**

‘રામદૂત સેવા સંઘ-લેસ્ટર’ ખાતે ગણપતિ ઉત્સવમાં કોળી પટેલ સમાજ દમણ યુ.કે.ને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં કોળી પટેલ સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સમાજના પ્રમુખ શ્રી વાસુભાઈ પટેલનું ‘રામદૂત સેવા સંઘ-લેસ્ટર’ના યુવાનો તથા યુવતીઓ દ્વારા પુષ્પગુચ્છ આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ અને આગામી દિવસોમાં આવનારી નવરાત્રિના કાર્યક્રમના આયોજનની જાણકારી પણ આપી હતી. આ અવસરે સમાજના સૌ કોઈ પરિવાર સહિત નવરાત્રિમાં ઉત્સાહભેર ભાગ લઈ નવરાત્રિના કાર્યક્રમને સુંદર તેમજ પ્રભાવશાળી બનાવે એવો આગ્રહ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના કન્વીનર શ્રી સંજય પટેલે પણ સમાજની વિવિધ પ્રવૃત્તિઓ માટે જાણકારી આપી હતી તેમજ સમાજના કોષાધ્યક્ષ શ્રી હરેશભાઈ પટેલે પણ સમાજના હિસાબ તેમજ સભ્ય પદની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ શ્રી વાસુભાઈ પટેલ, કોષધ્યક્ષ શ્રી હરેશભાઈ પટેલ, કન્વીનર શ્રી સંજય પટેલ, મંત્રી શ્રી નિતિન પટેલ તેમજ શ્રી વિજય, શ્રી ગુલાબ, શ્રી વિજય પટેલ, શ્રી હેનિલ પટેલ, શ્રી યોગેશ નટુ, શ્રી જયેશ પટેલ- ધાકલીની વાડી, શ્રી પ્રણવ પટેલ, શ્રી અલકેશભાઈ પટેલ-ભેંસલોર તેમજ સમાજના ઓફિસ બેરર તેમજ કારોબારીના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતમાં ‘રામદૂત સેવા સંઘ-લેસ્ટર’નો સમાજ વતી આભાર માનવામાં આવ્યો હતો.

## સેલવાસમાં યુટીટીની પ્રથમ યુટી સ્તરીય ટેબલ ટેનિસ રેન્કિંગ ટુર્નામેન્ટ યોજાઈ

**દમણ અને દીવ ટેબલ ટેનિસ એસોસિએશને ફરી એકવાર કેન્દ્રશાસિત પ્રદેશમાં ટેબલ ટેનિસ રમતને વિકસાવવા, નવી પ્રતિભા માટે પ્લેટફોર્મ પૂરું પાડવા અને ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાની દર્શાવેલી મજબૂત પ્રતિબદ્ધતા**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૦**

ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TTFI)ની માન્યતા પ્રાપ્ત સંસ્થા, દમણ અને દીવ ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સેલવાસમાં લાયન્સ સ્કૂલ કેમ્પસ ખાતે યુટીટીની પ્રથમ યુટી સ્તરીય ટેબલ ટેનિસ રેન્કિંગ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ બે દિવસીય સ્પર્ધા માટે ૮૦ થી વધુ એન્ટ્રીઓ મળી હતી. છોકરાઓ, છોકરીઓ, પુરુષો અને મહિલાઓ સહિત કુલ ૧૨ વિવિધ શ્રેણીઓમાં ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ઉત્તમ પ્રદર્શન દર્શાવતા રોમાંચક મેચો રજૂ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દમણ અને દીવ ટેબલ ટેનિસ એસોસિએશન ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા સાથે જોડાયેલું છે અને છેલ્લા ઘણાં વર્ષોથી દાદરા નગર હવેલી અને

- (વધુ પાના નં.૨ પર)

### શિક્ષણ વિભાગ દ્વારા

## દમણની સરકારી શાળાઓના બ્લોક કક્ષાના રંગોત્સવ-૨૦૨૬માં વિદ્યાર્થીઓએ બતાવેલી પોતાની સર્જનાત્મક કલાત્મક પ્રતિભા

**વિવિધ કૃતિઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

દમણ શિક્ષણ વિભાગ દ્વારા આજે સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ‘દમણ બ્લોક કક્ષાનો રંગોત્સવ-૨૦૨૬’ હેઠળ સમગ્ર બ્લોકના વિદ્યાર્થીઓની પ્રતિભાને એક મંચ પર લાવતો એક ઉત્સાહસભર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને નૃત્ય, ગાયન અને નાટક દ્વારા પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભા રજૂ કરવાની તક મળી હતી. કાર્યક્રમનું આયોજન ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ એમ બે કેટેગરીમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૩૮૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૧૦૯ કૃતિઓ રજૂ કરી હતી, જેમાં તેમની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને કલાત્મક પ્રતિભાનો સુંદર પરિચય જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓની જીવંત અને મનમોહક રજૂઆતથી સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહ અને ઊર્જાનો માહોલ સર્જાવા પામ્યો હતો અને કાર્યક્રમ સૌના માટે યાદગાર બની ગયો.

આ કાર્યક્રમનું સફળ આયોજન સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રીમતી મહિમા તોમર, આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ એજ્યુકેશન (એડમિન) શ્રી રાજેશ હળપતિ, આસિસ્ટન્ટ સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર ડૉ. સતીશ પટેલ, જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર શ્રીમતી સ્મિતા થોમસ તથા DIET પ્રિન્સિપાલ શ્રી ઈન્દ્રવદન પટેલના માર્ગદર્શન અને સહયોગથી શક્યું બન્યું હતું. વિવિધ કૃતિઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. BRCC શ્રીમતી ભાવિની દેસાઈએ કાર્યક્રમની સફળતા માટે તમામ અધિકારીઓ, આચાર્યો, શિક્ષકો, સંયોજકો અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તથા તેમના સંયુક્ત પ્રયાસો અને સહયોગની પ્રશંસા કરી હતી.

## દમણ-દીવ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ કેતનભાઈ પટેલે પરિવાર સાથે દીવના સિદ્ધિ વિનાયક મંડળ દ્વારા સ્થાપિત ગણપતિના દર્શન કરી મેળવેલા આશીર્વાદ

**ગણપતિ ઉત્સવના ધાર્મિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી કોંગ્રેસ પ્રમુખ કેતનભાઈ પટેલે બતાવેલી સક્રિયતા**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૦**

દમણ અને દીવ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી કેતનભાઈ પટેલે દીવ ખાતે પોતાના પરિવાર સાથે સિદ્ધિ વિનાયક મંડળ દ્વારા સ્થાપિત ગણપતિના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

અત્રે યાદ રહે કે, શ્રી કેતનભાઈ પટેલે દમણમાં પણ વિવિધ ગણેશ પંડાલોમાં પહોંચી પોતાની સક્રિય હાજરીના દર્શન કરાવ્યા હતા અને હવે પરિવાર સાથે દીવની મુલાકાત લઈ સિદ્ધિ વિનાયક મંડળના ગણપતિના દર્શન અને આરતીનો લ્હાવો પણ લીધો હતો.

## ‘જેટી કા રાજા’ના દર્શન કરી પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરીયાએ લીધા આશીર્વાદ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૦**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરીયાએ આજે દમણ ખાતેના પ્રસિદ્ધ ગણપતિ પંડાલ ‘જેટી કા રાજા’ના દર્શન કરી શ્રી ગણેશજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે શ્રી મહેશભાઈ આગરીયા સંધ્યા આરતીમાં પણ સહભાગી થયા હતા.



પંડાલના સંચાલક તથા દમણ નગરપાલિકાના કાઉન્સિલર શ્રી કલ્પેશ સીતારામ દ્વારા તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં દમણ ભાજપના કાર્યકર્તા ભાઈઓ-બહેનો સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




## સુવિચાર - સદ્‌વિચાર

વિશ્વાસ રાખો અને આગળ વધો,
માર્ગ જો અંધકારમય લાગે,
તો પણ દીવો પોતે જ બનો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### બેચાર સ્વપ્ન આંખમાં લઈને ફર્યા કરું

એક આખી જિંદગીનો છે એમાં અભાવ દોસ્ત,
આ ખાલી જામનું ય વજન છે ઉઠાવ દોસ્ત.

જીરવી શકાશે પૂર્ણ ઉપેક્ષાનો ભાવ દોસ્ત,
પણ જીરવી ના શકાશે અધૂરો લગાવ દોસ્ત.

દરિયામાં મોજાં આવે, બધે આવતાં નથી,
અમથી જ રાહ જોયા કરે છે તળાવ દોસ્ત.

દરિયા-પહાડ-આભમાં જો ના સમાય તો,
નાની ચબરખીઓમાં પ્રણયને સમાવ દોસ્ત.

તાજા કલમમાં એ જ કે તારા ગયા પછી,
બનતો નથી શહેરમાં એકે બનાવ દોસ્ત.

-મુકુલ ચોકસી

## આજની જોક

જમાઈ (સસરાને) : તમારી છોકરીને કઈ મગજ જેવું છે કે નહીં બધા કામ ઉંધા કરે છે. પહેલા ખબર હોત તો લગ્ન જ ન કરત.
સસરા : જોવા આવ્યા ત્યારે તમે ખાલી હાથ જ માગ્યો હતો. મગજની તો વાત જ ન થઈ હતી.




## કબીર વાણી

**આયા થા કિસ કામ કો, તુ સોયા ચાદર તાન ।**
**સુરત સંભાલ એ ગાફિલ, અપના આપ પહચાન॥**

**- અર્થાત-**

આ દુનિયામાં તું કોઈ ખાસ ઉદ્દેશ્ય (ઈશ્વર પ્રાપ્તિ/સત્કર્મ) માટે આવ્યો હતો, પરંતુ મોહ-માયાની ચાદર તાણીને (અજ્ઞાનતામાં) ઊંઘી રહ્યો છે. હે ગાફિલ (બેદરકાર મનુષ્ય), હજુ પણ સમય છે, ચેતી જા, તારા મૂળ સ્વરૂપને ઓળખ અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર.



## ચાણક્ય ઉવાચ

**અનભ્યાસે વિષં વિદ્યા, અજીર્ણ ભોજમ વિષમ્**
**વિષં સભા દ્રરિદ્રસ્ય, વૃદ્ધસ્ય તરૂણી વિષમ્**

**-અર્થાત-**

અભ્યાસ નહી કરતા વિદ્યા વિષ સમાન છે, પેટ ખરાબ હોવું અથવા ભોજન પચતા પહેલા ખાધેલું ભોજન વિષ સમાન છે, ગરીબ વ્યક્તિનું સભા જવાનું વિષ સમાન છે, વૃદ્ધ વ્યક્તિ માટે યુવાન પત્ની વિષ સમાન છે.

## આજનો દિન વિશેષ

### ડેવિડ ફ્રાઉલી

ડેવિડ ફ્રાઉલી (જન્મ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૫૦) એક અમેરિકન હિન્દુત્વ કાર્યકર્તા અને હિન્દુ ધર્મના શિક્ષક છે.

તેમણે વેદ, હિન્દુ ધર્મ, યોગ, આયુર્વેદ અને હિન્દુ જ્યોતિષ જેવા વિષયો પર અસંખ્ય પુસ્તકો લખ્યા છે. ૨૦૧૫માં ભારત સરકાર દ્વારા તેમને ભારતના ત્રીજા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.હિન્દુત્વ ચળવળના એક અગ્રણી વિચારધારક, તેમના પર ઐતિહાસિક સંશોધનવાદનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે.

**પ્રારંભિક જીવન અને શિક્ષણ :** ડેવિડ ફ્રાઉલીનો જન્મ વિસ્કોન્સિનમાં એક કેથોલિક પરિવારમાં થયો હતો અને તેમના નવ ભાઈ-બહેન હતા. ફ્રાઉલી મોટાભાગે સ્વ-શિક્ષિત છે.તેમણે મુંબઈના બી.એલ.વાષ્ટા પાસેથી લગભગ એક દાયકા સુધી આયુર્વેદનો અભ્યાસ કર્યો અને ન્યૂ મેક્સિકોના સાન્ટા ફે ખાતે આવેલી ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાઈનીઝ મેડિસિનમાંથી પત્રવ્યવહાર દ્વારા ડોક્ટર ઓફ ઓરિએન્ટલ મેડિસિને ની ડિગ્રી મેળવી, એક્યુપંક્ચર માટે એક શાળા જે ૨૦૦૩ માં વહીવટી અને શાસન અનિયમિતતા અને નાણાકીય સમસ્યાઓને કારણે બંધ થઈ ગઈ.

ફ્રોલી ન્યૂ મેક્સિકોના સાન્ટા ફે ખાતે અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વૈદિક સ્ટડીઝના સ્થાપક અને એકમાત્ર શિક્ષક છે અને અમેરિકન કાઉન્સિલ ઓફ વૈદિક જ્યોતિષના ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમણે અગાઉ ચાઈનીઝ હર્બલ મેડિસિન અને પ?મી હર્બોલોજી પણ શીખવી હતી.

એકેડેમિયા હિન્દુત્વ : તેમને હિન્દુત્વ ચળવળના એક અગ્રણી વ્યક્તિ તરીકે વર્ણવવામાં આવ્યા છે અને અસંખ્ય વિદ્વાનોએ તેમને હિન્દુત્વ વિચારધારક અને ક્ષમાયાચનાકાર તરીકે પણ વર્ણવ્યા છે. વ્યાપકપણે ઐતિહાસિક સંશોધનવાદનો અભ્યાસ કરતા તરીકે વર્ણવવામાં આવ્યા છે.

## આધ્યાત્મ


### સરળ જ્ઞાનથી શરૂઆત કરો

જાણવું એ તમારો સ્વભાવ છે. અને જો તમે સરળ જ્ઞાનથી શરૂઆત કરો છો, તો તમે જે કંઈ જાણવા માંગો છો તેના કેન્દ્રમાં તમે પોતે છો. આધ્યાત્મિક્તા એટલે પોતાને જાણવું. જાણવાની ખૂબ જ ઉત્સુકતા છે, ખરું ને? તમે જાણ્યા વિના રહી શકતા નથી. તમારે જાણવું જોઈએ, ખરું ને?

આંખો સતત જોઈ રહી છે, કાન સતત સાંભળી રહ્યા છે, મન સતત વિચારી રહ્યું છે; આ બધું ઉપરછલ્લી જ્ઞાન માટેના સાધનો છે. 'જાણવું' એ તમારો સ્વભાવ છે. એટલા માટે મન માહિતી માટે ખૂબ ઉત્સુક છે. પરંતુ તમે દુનિયામાં જે કંઈ જાણવા માંગો છો, તમે તેના કેન્દ્રમાં છો; તમે તેની સાથે જોડાયેલા છો, તે તમારા પોતાના સંદર્ભમાં અર્થ શોધે છે. શું તમે સમજો છો? તમે જે કંઈ 'જાણવા' માંગો છો તે ફક્ત તમારા સાથેના જોડાણને કારણે જ અર્થપૂર્ણ છે. તેથી, જો તમે દિવાલને પણ જાણવા માંગતા હો, તો તમારે તેને જાણવું પડશે જે દિવાલને 'દિવાલ' તરીકે જુએ છે; તમારે તેને ખરેખર જાણવું પડશે. આધ્યાત્મિકતા એટલે સંપૂર્ણપણે જાણવું.

તો, ખરેખર કોઈ આધ્યાત્મિકતાનો વિરોધ કરતું નથી, અને કોઈ હોઈ શકતું નથી, કારણ કે જાણવું એ આપણા બધા માટે એક જુસ્સો છે. પરંતુ જેમ આપણે અપૂર્ણ છીએ, તેમ આપણું જ્ઞાન પણ છે. દુનિયા આધ્યાત્મિકતાનો વિરોધ કરતી નથી; તે અપૂર્ણતાનો હિમાયતી છે. આ સમજો. - **આચાર્ય પ્રશાંત**

# દીવમાં 'મીની દીવ'ના આકર્ષણ સાથે ગણપતિ મહોત્સવ, નવદુર્ગા ગરબી મંડળના પંડાલમાં જોવા મળ્યા દીવના પ્રખ્યાત સ્થળોના આબેહૂબ નમૂના







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૦**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઝાંપા બહાર સાંઈ બાબા મંદિર નજીક શ્રીમા નવદુર્ગા ગરબી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગણપતિ બાપ્પાની ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના સાથે તૈયાર કરવામાં આવેલો આકર્ષક પંડાલ હાલ લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

આ વર્ષે પંડાલની વિશેષતા એ છે કે તેને જાણે 'મીની દીવ'નું સ્વરૂપ આપવામાં આવ્યું છે. પંડાલમાં દીવના વિવિધ ઐતિહાસિક અને પ્રવાસન સ્થળોની આબેહૂબ કૃતિઓ તૈયાર કરવામાં આવી છે. ગણપતિ બાપ્પાના દર્શન માટે બનાવવામાં આવેલું પ્રવેશદ્વાર દીવના જૂના પ્રવેશ ગેટની પ્રતિકૃતિ સમાન બનાવવામાં આવ્યું છે.

પંડાલમાં પ્રવેશતા જ જૂનો પુલ, નાગવા બીચ પર લખાયેલું 'DIU' અને પાણીકોટો જોવા મળે છે. આગળ વધતા ગંગેશ્વર મહાદેવ મંદિરના પાંચ શિવલિંગ, સેન્ટ પૉલ ચર્ચ, INS ખુકરી વેસલ, બંદર ચોકનો ગેટ અને દીવ કિલ્લા સહિત દીવના અનેક જાણીતા સ્થળોની આકર્ષક કૃતિઓ તૈયાર કરવામાં આવી છે.

આ તમામ કૃતિઓને જોવા માટે લોકો મોટી સંખ્યામાં પંડાલની મુલાકાત લઈ રહ્યા છે અને મીની દીવના આ અનોખા આયોજનની પ્રશંસા કરી રહ્યા છે. પંડાલને રંગબેરંગી લાઈટિંગથી પણ શણગારવામાં આવ્યો છે, જેના કારણે રાત્રિના સમયે પંડાલનું આકર્ષણ વધુ વધી જાય છે.

શ્રી મા નવદુર્ગા ગરબી મંડળ દ્વારા ગણપતિ બાપ્પાની સ્થાપના બાદ ૧૧ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ પૂજા-અર્ચના, ભજન-કીર્તન અને મહાઆરતી સહિતના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ગણપતિ બાપ્પાના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

# દીવમાં હોટલના પાર્કિંગમાંથી કારમાં યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૦**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં હોટલના પાર્કિંગમાં બંધ ફોર-વ્હીલર કારમાંથી ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં દીવ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, દીવની હોટેલ રિલેક્સ ઈનના પાર્કિંગમાં એક ફોર-વ્હીલર કાર બપોરે ૧૨ વાગ્યાંનાં લાંબા સમયથી બંધ હાલતમાં જોવા મળતા હોટલના કર્મચારીઓને શંકા ગઈ હતી. કર્મચારીઓએ કાર અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચતા કારની અંદર એક યુવાન સ્તબ્ધ હાલતમાં પડેલો જોવા મળ્યો હતો.

કારના કાચ તોડી અંદર તપાસ કરતા યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ દ્વારા તપાસ દરમિયાન મૃતકના ખિસ્સામાંથી આધારકાર્ડ, પાકીટ અને મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આધારકાર્ડના આધારે મૃતકની ઓળખ સરધારા નિતાંતભાઈ રામેશકુમાર, ઉંમર ૩૫ વર્ષ, રહેવાસી જેતપુર તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે મૃતદેહને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દીવની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. દરમિયાન મૃતકના મોબાઈલ ફોન પર તેમના પિતાનો ફોન આવતા પોલીસ દ્વારા પરિવારજનોને ઘટનાની જાણ કરવામાં આવી હતી. હાલમાં યુવાનનું મોત કયા સંજોગામાં થયું તે અંગે સ્પષ્ટતા થઈ નથી. દીવ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

# ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી બેંકોમાં રહેશે હડતાળ, ૫ દિવસ કામકાજ ઠપ્પ

## હડતાળના બે દિવસ પહેલાં રજા છે, જેના કારણે પાંચ દિવસ માટે બેંક બંધ રહેવાની શક્યતા: બેંકના ગ્રાહકો માટે માઠા સમાચાર




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૦**

જો તમારે કોઈ મહત્વપૂર્ણ બેંકનું કામ પૂર્ણ કરવા માટે બ્રાન્ચમાં જવાની જરૂર હોય, તો તેને મુલતવી રાખવું મોંઘુ સાબિત થઈ શકે છે. કારણ કે SBI (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા)એ ૨૮થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પ્રસ્તાવિત દેશવ્યાપી બેંક હડતાળ અંગે ગ્રાહકોને એક માહિતી આપી છે. બેંકે સલાહ આપી છે કે બ્રાન્ચ અથવા બેંક કર્મચારીઓની સહાયની જરૂર હોય તેવા કોઈપણ કાર્ય હડતાળ પહેલાં પૂર્ણ કરવા જોઈએ. ચાલો આ હડતાળના મુખ્ય મુદ્દાઓ વિશે જાણીએ.

હકીકતમાં, UFBU (યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ)એ ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસની હડતાળનો પ્રસ્તાવ મૂક્યો છે. અગાઉ, UFBUએ ૧૧ સપ્ટેમ્બરના રોજ એક દિવસની દેશવ્યાપી હડતાળનું પણ એલાન કર્યું હતું. યુનિયન ફોરમે ૨૬ ઓક્ટોબરથી સતત હડતાળનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. તેથી, ગ્રાહકોને આગામી દિવસોમાં બેંકિંગ સેવાઓમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. SBIની સલાહ ખાસ કરીને એવા ગ્રાહકો માટે મહત્વપૂર્ણ છે, જેમનું બેંકિંગ કાર્ય ઓનલાઈન પૂર્ણ થઈ શકતું નથી. દસ્તાવેજો સબમિટ કરવા, ચેક-સંબંધિત ચોક્કસ પ્રક્રિયાઓ કરવા અથવા અન્ય કર્મચારી-સહાયિત કાર્યો કરવા માટે તમારે બ્રાન્ચની મુલાકાત લેવાની જરૂર પડી શકે છે. હડતાળ દરમિયાન કર્મચારીઓની ભાગીદારીના આધારે, સામાન્ય બ્રાન્ચ કામગીરી પ્રભાવિત થઈ શકે છે. તેથી, આવા કાર્યો અગાઉથી પૂર્ણ કરવા સારા રહેશે.

જો કે, SBIએ જણાવ્યું છે કે હડતાળ દરમિયાન આવશ્યક બેંકિંગ સેવાઓ પૂરી પાડવાના પ્રયાસો કરવામાં આવશે. આનો અર્થ એ નથી કે બધી બેંકિંગ સેવાઓ સંપૂર્ણપણે બંધ રહેશે. જો કે, શાખા-આધારિત સેવાઓમાં વિલંબ અથવા વિક્ષેપની શક્યતા હોઈ શકે છે. જો હડતાળ દરમિયાન રોકડની જરૂર હોય, તો ગ્રાહકો ATM અને ADWM (ઓટોમેટેડ ડિપોઝિટ અને ઉપાડ મશીનો)નો ઉપયોગ કરી શકે છે. વધુમાં, CSP (ગ્રાહક સેવા બિંદુઓ)નો ઉપયોગ અન્ય ઉપલબ્ધ સેવાઓ માટે કરી શકાય છે. દૈનિક ડિજિટલ બેંકિંગ કાર્યો માટે, SBI ગ્રાહકોને ઇન્ટરનેટ બેંકિંગ, YONO, મોબાઈલ બેંકિંગ અને UPIનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આ સેવાઓ બ્રાન્ચની મુલાકાત લીધા વિના નાણાં ટ્રાન્સફર, ચુકવણી અને અન્ય સામાન્ય વ્યવહારો માટે પરવાનગી આપે છે.

આ હડતાળનો સમય ગ્રાહકો માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર વીકેંડ છે. ત્યારબાદ ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે પ્રસ્તાવિત હડતાળ છે. ૨૬થી ૩૦ સપ્ટેમ્બર સુધી સતત પાંચ દિવસ સુધી સામાન્ય સપ્તાહના દિવસે બ્રાન્ચમાં પ્રવેશ ઉપલબ્ધ નહીં હોય. તેથી, બ્રાન્ચ સંબંધિત કામ ધરાવતા ગ્રાહકોને ૨૬ સપ્ટેમ્બર પહેલાં તે પૂર્ણ કરવાનું વધુ અનુકૂળ લાગશે. આ સમાચારનું સૌથી મહત્વનું પાસું એ છે કે SBI ગ્રાહકોને હડતાળ વિશે માત્ર જાણ જ નથી કરી રહી, પરંતુ તેમને અગાઉથી નક્કી કરવાની તક પણ આપી રહી છે કે બ્રાન્ચમાં કયા કાર્યો પૂર્ણ કરવાની જરૂર છે અને કયા કાર્યો ATM, CSP અથવા ડિજિટલ બેંકિંગનો ઉપયોગ કરીને પૂર્ણ કરી શકાય છે.

**દીવના વણાંકબારા સ્થિત 'આંતરરાષ્ટ્રીય કોસ્ટલ સફાઈ દિવસ ૨૦૨૬ નિમિત્તે**

# ગોમતીમાતા બીચ ખાતે 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ અને જાગૃતિ રેલી યોજાઈ








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૦**

દિવના વણાંકબારા સ્થિત ગોમતીમાતા બીચ ખાતે 'આંતરરાષ્ટ્રીય કોસ્ટલ સફાઈ દિવસ ૨૦૨૬ નિમિત્તે 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ અને જાગૃતિ રેલી યોજાઈ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, ભારત સરકારના 'નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ (NCCR) ના નેજા હેઠળ, 'આંતરરાષ્ટ્રીય કોસ્ટલ સફાઈ દિવસ ૨૦૨૬' અને 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' અભિયાન અંતર્ગત દિવના વણાંકબારા ખાતે આવેલ પ્રખ્યાત ગોમતીમાતા બીચ પર વિશેષ બીચ સફાઈ કાર્યક્રમ તથા જાગૃતિ રેલીનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીઓ તેમજ લોકપ્રતિનિધિઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ધર્મેશ દમણીયા સાહેબ (ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર-દીવ જિલ્લા પંચાયત અને દીવ મ્યુનિસિપાલિટી), શ્રી વિજય કુમાર (અંડર સેક્રેટરી, MoEFCC), શ્રી વી. પી. રાજવેદી (VP Rajvedi) (અંડર સેક્રેટરી, MoEFCC), શ્રી સુધીર સોન્ડી (NCCR આંતરરાષ્ટ્રીય કોસ્ટલ સફાઈના નેશનલ લેવલ કોઓર્ડિનેટર), શ્રીમતી રંજીતાબેન કોટિયા (પ્રમુખ, દીવ જિલ્લા પંચાયત), શ્રી નાનજીભાઈ (ઉપપ્રમુખ, દીવ જિલ્લા પંચાયત), શ્રી ઉમેશભાઈ છગન બારીયા, આંતરરાષ્ટ્રીય કોસ્ટલ સફાઈ કોઓર્ડિનેટર

દીવ જિલ્લા પંચાયતના તમામ સન્માનનીય સભ્યો આ સફાઈ અભિયાનમાં સ્થાનિક પંચાયતો અને સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વણાંકબારા અને સાઉડવાડી ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, પોલીસ વિભાગનો સ્ટાફ, ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ, સરકારી શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિવિધ એસોસિએશનના પ્રમુખશ્રીઓ તેમજ વણાંકબારા સરકારી શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ લોકો દ્વારા ગોમતીમાતા બીચ પરથી પ્લાસ્ટિક, કાચ અને અન્ય કચરો એકત્રિત કરીને દરિયાકાંઠાને સ્વચ્છ બનાવવામાં આવ્યો હતો. આ સાથે જ દરિયાઈ પર્યાવરણના રક્ષણ, પ્લાસ્ટિક મુક્ત કાંઠા અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકના બહિષ્કાર અંગે જાગૃતિ ફેલાવવા માટે એક પ્રેરણાદાયી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજન દ્વારા સમાજમાં દરિયાઈ પારિસ્થિતિકી (Marine Ecosystem)ની સુરક્ષા અને દરિયાકાંઠાની સ્વચ્છતા જાળવવા અંગે એક સકારાત્મક સંદેશ પહોંચાડવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા...**

જેમાં પ્લાસ્ટિક કચરો, ફેંકી દેવાયેલા માછીમારીના સાધનો અને અન્ય બિન બાયોડિગ્રેડેબલ કચરાનો સમાવેશ થાય છે, જે દરિયાઈ જીવસૃષ્ટિ અને દરિયાકાંઠાની જૈવવિવિધતા માટે જોખમરૂપ છે.

આ પહેલનો ઉદ્દેશ્ય માત્ર દરિયાકાંઠાની સફાઈ કરવાનો જ નહોતો પરંતુ કચરાના જવાબદાર નિકાલની પદ્ધતિઓ અને સમુદાય વચ્ચે પર્યાવરણીય સંભાળને પ્રોત્સાહન આપીને લાંબા ગાળાના વ્યવહારિક પરિવર્તનને પ્રોત્સાહિત કરવાનો પણ હતો. સહભાગીઓને દરિયામાં જતી વખતે અનુસરવાના સુરક્ષા પગલાં વિશે પણ સંવેદનશીલ બનાવવામાં આવ્યા હતા અને દરિયાઈ કચરાના સુરક્ષિત સંગ્રહ અને યોગ્ય નિકાલ વિશે માહિતી આપવામાં આવી હતી. ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન દમણના કમાન્ડિંગ ઓફિસરે આ પહેલમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા બદલ તમામ સહભાગીઓ અને હિતધારકોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા સમુદાય આધારિત પ્રયાસો દરિયાઈ પર્યાવરણનું રક્ષણ કરવા અને દરિયાકાંઠાના સંસાધનોના ટકાઉ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ભારતીય કોસ્ટ ગાર્ડની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

દેવકા બીચ ખાતે યોજાયેલા 'આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસ-૨૦૨૬'ના અભિયાને દરિયાઈ પ્રદૂષણનો ઉકેલ લાવવામાં અને ભારતના દરિયાકાંઠાના નિવસનતંત્રને જાળવવામાં સામૂહિક પગલાંના મહત્ત્વનો સંદેશ આપ્યો હતો. ભારતીય કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક સમુદાયની સક્રિય ભાગીદારીએ દરિયાકાંઠાને સ્વચ્છ, સુરક્ષિત અને પર્યાવરણીય રીતે ટકાઉ રાખવા માટેની સહિયારી જવાબદારીની પુનઃપુષ્ટિ કરી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સેલવાસમાં ચુટીટીની...**

દમણ અને દીવ એમ ત્રણ જિલ્લાઓમાં ટેબલ ટેનિસની રમતના પ્રચાર અને વિકાસ માટે અથાક મહેનત કરી રહ્યું છે.

આ વર્ષે, આ સ્પર્ધા દાદરા નગર હવેલી ટેબલ ટેનિસ એસોસિએશનના સહયોગથી યોજાઈ હતી, જેમાં UTT ટાઈટલ સ્પોન્સર તરીકે સેવા આપી રહ્યું હતું. પ્રદેશમાં ટેબલ ટેનિસના વિકાસ અને ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે UTTના સતત સમર્થનની પણ પ્રશંસા કરવામાં આવી હતી.

સમાપન સમારોહમાં, એસોસિએશનના જનરલ સેક્રેટરી શ્રી જયેશ જોશીએ તમામ ભાગ લેનારા ખેલાડીઓને તેમના ઉત્સાહી પ્રદર્શન બદલ અભિનંદન આપ્યા હતા અને દરેક કેટેગરીમાં વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. તેમણે દાદરા નગર હવેલી ટેબલ ટેનિસ એસોસિએશનના અધિકારીઓ અને અધિકારીઓનો સ્પર્ધાના સફળતાપૂર્વક આયોજનમાં સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પર્ધાના સફળ સમાપનમાં યોગદાન આપનારા તમામ પ્રાયોજકોનો પણ આભાર માન્યો હતો.

શ્રી જયેશ જોશીએ સેલવાસ લાયન્સ સ્કૂલ મેનેજમેન્ટનો ખાસ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે શાળા પરિસર પૂરું પાડવું એ સ્પર્ધાના આયોજનમાં મહત્ત્વપૂર્ણ સમર્થન હતું. તેમણે ટાઈટલ સ્પોન્સર તરીકે UTTના સહયોગ અને પ્રદેશમાં ટેબલ ટેનિસની રમતને પ્રોત્સાહન આપવા માટે તેમના સતત સમર્થન બદલ આભાર માન્યો હતો.

વિવિધ કેટેગરીમાં વિજેતાઓ અને ઉપ વિજેતાઓને ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે, તમામ કેટેગરીમાં કુલ ₹૪૦,૦૦૦નું રોકડ ઇનામ પણ એનાયત કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાના આધારે, વિવિધ શ્રેણીઓમાંથી પસંદ કરાયેલા ખેલાડીઓ આગામી મહિનાઓમાં યોજાનારી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં દાદરા નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરશે. આનાથી સ્થાનિક ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે તેમની પ્રતિભા દર્શાવવાની મૂલ્યવાન તક મળશે.

સમગ્ર સ્પર્ધાનું ટેકનિકલ સંચાલન મુખ્ય રેફરી શ્રી પૃથ્વી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે એકંદર ટેકનિકલ વ્યવસ્થા અને મેચ મેનેજમેન્ટનું સંચાલન વરિષ્ઠ ટેકનિકલ અધિકારી શ્રી ધવલ કર્ણિક દ્વારા કરવામાં આવ્યું હતું. અધિકારીઓની ટીમે તમામ મેચોનું સુગમ અને ન્યાયી સંચાલન સુનિશ્ચિત કર્યું હતું. સ્પર્ધાના સફળ આયોજન સાથે, દમણ અને દીવ ટેબલ ટેનિસ એસોસિએશને ફરી એકવાર કેન્દ્રશાસિત પ્રદેશમાં ટેબલ ટેનિસ વિકસાવવા, નવી પ્રતિભા માટે પ્લેટફોર્મ પૂરું પાડવા અને ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા મજબૂત બનાવી છે.

# ચીખલી ખાતે રૂ. ૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે લોકાર્પણ કરાયું

## અદ્યતન સુવિધાસભર હોસ્પિટલથી ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો લાભ મળશેઃ આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા





-તસવીરઃ દિપક સોલંકી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૦**

ચીખલીમાં રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર પાટીલ, રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મંત્રી શ્રી નરેશભાઈ પટેલે રીબીન કાપી હોસ્પિટલને પ્રજાજનો માટે ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે, અદ્યતન સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલના કારણે ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો વધુ સારો લાભ મળશે. દર્દીઓને સંતોષકારક સારવાર મળે અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તે આરોગ્ય સેવાઓનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. વધુમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકોના આરોગ્યની ચિંતા સાથે આરોગ્ય ક્ષેત્રે સતત નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.

મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ચીખલીની વર્ષો જૂની રેફરલ હોસ્પિટલ દ્વારા અનેક લોકોને આરોગ્ય સેવાઓ આપવામાં આવી છે અને હાલે ભાજપ સરકાર દ્વારા સમયની જરૂરિયાત સાથે આ હોસ્પિટલને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં તબદીલ કરી છે અને હવે નવનિર્મિત આ હોસ્પિટલથી આ વિસ્તારના નાગરિકોને વધુ સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ ગણાવી તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિને આભારી હોવાનું જણાવ્યું હતું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત આ અતિ આધુનિક ૧૦૦ બેડની હોસ્પિટલથી ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને વધુ સુવિધાસભર આરોગ્ય સેવાઓ મળી રહેશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન, અધ્યક્ષ ડો.અમિતાબેન, જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના ડૉ.માલતીબેન પટેલ, ડો. જ્યોતિબેન પટેલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ, હોસ્પિટલ સ્ટાફ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

નિવાસી તબીબી અધિકારીએ જણાવ્યું હતું કે, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ચીખલીની મુખ્ય સુવિધાઓ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ભૂકંપ પ્રતિરોધક બહુમાળી આધુનિક ઈમારતનું નિર્માણ કરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં દર્દીઓ માટે આધુનિક તબીબી સુવિધાઓ સાથે સુવ્યવસ્થિત માળખું ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. હોસ્પિટલની બેડ ક્ષમતા ૧૦૦ બેડની સબ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ છે.

સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સની સેવાઓ, હોસ્પિટલમાં વિવિધ નિષ્ણાત તબીબોની સેવાઓ ઉપલબ્ધ રહેશે જેમાં મેડિસિન, ગાયનેકોલોજી, ઓર્થોપેડિક, જનરલ સર્જરી, પીડિયાટ્રિક્સ, એનેસ્થેશિયા, ઓપ્થેલ્મોલોજી, સાયકિયાટ્રી, પેથોલોજી, રેડિયોલોજી વગેરે વિભાગોનો સમાવેશ થાય છે.

# નિર્માલ્ય નહીં, નવજીવનઃ ધરમપુરના દસોંદી ફળિયામાં ગણેશોત્સવ સાથે પર્યાવરણ જાગૃતિનો સંદેશ







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૦:** ધરમપુરના દસોંદી ફળિયામાં યુવા શક્તિ યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં આ વર્ષે ધાર્મિક આસ્થા, ભવ્ય સજાવટ સાથે પર્યાવરણ જાગૃતિ અને પરંપરાના જતનના સંદેશ સાથે કેદારનાથની થીમ પર ભવ્ય ડેકોરેશન તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં કેદારનાથ ધામની અનુભૂતિ કરાવતી રચના સાથે લાઈવ વહેતા ઝરણાની થીમ પણ ભક્તોનું ધ્યાન ખેંચી રહી છે.

**૭૭ વર્ષથી પરંપરા અકબંધ :**

યુવા શક્તિ યુવક મંડળ દ્વારા છેલ્લા ૭૭ વર્ષથી અકબંધ રહેલી પરંપરા મુજબ દહાણુના એક જ પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવતી માટીની ગણેશ પ્રતિમાની પધરામણી કરવામાં આવે છે. વર્ષોથી જે મૂર્તિકાર પરિવાર પાસેથી પ્રતિમા લાવવામાં આવે છે, ત્યાંથી જ પ્રતિમા તૈયાર કરાવવાની પરંપરા મંડળે જાળવી રાખી છે. નોંધનીય છે કે, મૂર્તિમાં કુદરતી રંગોના ઉપયોગને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે.

ગણેશજીના આગમનની પરંપરા પણ અહીં વિશેષ છે. આગમનના દિવસે ભક્તોના ઘરે મૂર્તિ લઈ જઈ, ત્યારબાદ લારીમાં બેસાડી ડીજેના ઘોંઘાટ વિના ભજન, ધૂન અને જયઘોષ સાથે સમગ્ર ફળિયામાં ગણપતિ બાપાનું આગમન કરાવવામાં આવે છે. આ પરંપરામાં આજની યુવા પેઢી પણ ભક્તિભાવપૂર્વક જોડાઈ રહી છે. ત્યારબાદ દસોંદી ફળિયાના નીલકંઠેશ્વર મહાદેવ મંદિરમાં ગણેશજીની સ્થાપના કરવાની પરંપરા પણ યથાવત્ રાખવામાં આવી છે.

**ગણપતિ બાપાને અર્પણ થયેલા ફૂલ હવે બનશે ફળિયાનાં વૃક્ષોનું ખાતર :** આ વર્ષની ઉજવણીમાં સૌથી મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણપતિ બાપાને અર્પણ થતાં નિર્માલ્ય ફૂલોમાંથી ઓર્ગેનિક ખાતર બનાવવાનો નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. ગણેશજીને અર્પણ કરાયેલા ફૂલો સામાન્ય રીતે પૂજા બાદ કચરામાં જતા હોય છે. તેના બદલે મંડળ દ્વારા આ ફૂલોને અલગથી એકત્ર કરી, તેમાંથી પ્લાસ્ટિક, દોરા સહિતની અન્ય સામગ્રી અલગ કરીને કુદરતી પ્રક્રિયા દ્વારા ખાતર તૈયાર કરવાનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે.

ફૂલોનું યોગ્ય રીતે પ્રોસેસિંગ થયા બાદ તૈયાર થનારા ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ ફળિયાનાં વૃક્ષો અને હરિયાળી માટે કરવામાં આવશે. એટલે કે, ભગવાનને અર્પણ થયેલા ફૂલોનો અંત કચરામાં નહીં પરંતુ વૃક્ષોના પોષણમાં થશે.

'ફૂલોથી ખાતર-ખાતરથી હરિયાળી'ના સંદેશ સાથે કરવામાં આવી રહેલો આ પ્રયાસ પર્યાવરણ સંરક્ષણ તરફની એક નાની પરંતુ અર્થપૂર્ણ પહેલ બની રહ્યો છે.

મંડળના ધર્મિન ગુપ્તા જણાવે છે કે, 'ફૂલોમાંથી ખાતર બનાવવાનો આ પ્રયોગ હાલમાં ખૂબ નાના પાયા પર છે. અમારો મુખ્ય હેતુ મોટા પ્રમાણમાં ખાતર બનાવવાનો નહીં પરંતુ લોકજાગૃતિ લાવવાનો છે. ભગવાનને અર્પણ થતાં ફૂલો કે પૂજા સામગ્રીને સીધી ફેંકી દેવાને બદલે તેનું રિસાયકલિંગ કરીને તેનો ફરી સારો ઉપયોગ કરી શકાય છે, એ વાત લોકો સુધી પહોંચે તે અમારો મુખ્ય હેતું છે.

ગણેશોત્સવની શ્રદ્ધા સાથે પર્યાવરણની જવાબદારી જોડતો આ પ્રયોગ 'નિર્માલ્ય નહીં, નવજીવન'નો સંદેશ આપે છે. આજે બાપાને અર્પણ થયેલા ફૂલો આવતીકાલે ફળિયાનાં વૃક્ષો માટે ખાતર બનીને ફરી જીવન આપશે.

# સલવાવ સ્વામિનારાયણ ગુરુકુળમાં મારા સપનાનું ભારત વિષય પર ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ ખાતે આવેલા વચનામૃતમ હોલમાં 'મારા સપનાનું ભારત' વિષય પર ચિત્ર અને વકતૃત્વ સ્પધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ તથા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ બંને સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને નૃત્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા 'મારા સપનાનું ભારત' વિષયક ચિત્રોનું મહાનુભાવોએ નિરીક્ષણ કર્યું હતું. વકતૃત્વ તથા ચિત્ર સ્પર્ધાના વિવિધ વિભાગોમાં પ્રથમ ત્રણ ક્રમે રહેલા વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંચાલક મંડળના પૂજ્ય રામ સ્વામી, એકેડેમિક ડાયરેક્ટર ડો. શૈલેષ લુહારએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. પૂજ્ય રામ સ્વામીએ જણાવ્યું હતું કે, ૨૦૪૭માં આપણો દેશ ક્યાં હશે તે વડાપ્રધાનશ્રીની સંકલ્પના છે. તેમણે દીર્ઘદ્રષ્ટિ સાથે દેશને વિકસિત બનાવવાનું જે સ્વપ્ન જોયું છે, તેને આપણે સૌએ સાથે મળીને સાકાર કરવાનું છે.

ડો.શૈલેષ લુહારે જણાવ્યું હતું કે, દેશને આગળ વધારવો હોય તો આજની પેઢીએ પોતાના વિચારોમાં પરિવર્તન લાવવું પડશે. આપણી સંસ્કૃતિ અને ધર્મ સાથે ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ વિશેષ પ્રગતિ કરવા તેમણે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે શ્રીમતી બીએનબી સ્વામિનારાયણ ફાર્મસી કોલેજના પ્રિન્સિપલ ડોક્ટર સચિન નારખેડે પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત બોર્ડ ઇંગ્લિશ મિડિયમ તથા શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ઇંગ્લિશ મિડિયમના આચાર્ય શ્રીમતી રીનાબેન દેસાઈ, શ્રી સ્વામિનારાયણ હાઇસ્કુલ ગ્રાન્ટેડના આચાર્ય શ્રીમતી દક્ષાબેન પટેલ, શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ગુજરાતી મિડિયમના આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા તન્વીબેન પટેલ તથા શિખાબેન નાયકે કર્યું હતું.

# વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન ખાતે દૈનિક પ્રવચનનો મંગલ પ્રારંભ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વાપી, તા.૨૦**

સુરત શહેરના મધ્યવર્તી વિસ્તાર એવા પાર્લે પોઈન્ટ સ્થિત 'વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન' ખાતે શાર્દૂલસિંહ બિરાજમાન કિશોરકોર્પોરેટર પૂ.સા.શ્રી વિજયપુણ્યરક્ષિતસૂરિજી મ.સા.ના-શિષ્યરત્ન પ્રવચનકાર પૂ.સા.શ્રી વિજયમુક્તિકલ્યાણપદ્મસૂરિજી મ.સા.ના પર્યુષણ મહાપર્વ બાદ ભાદરવા સુદ-૧૦, સોમવાર તા.૨૧ સપ્ટેમ્બરથી પ્રતિદિન સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ 'શ્રાવકના કર્તવ્યો' વિષય પર પ્રેરણાદાયી પ્રવચનનો મંગલ પ્રારંભ થયો છે.

પ્રવચન આપતાં સદ્ગુરુદેવે જણાવ્યું હતું કે, સદ્ગુરુના શ્રીમુખેથી પ્રવચન સાંભળવાથી આચાર-વિચાર-સ્વભાવ અને જીવનમાં પરિવર્તન થાય છે. સંસારી ત્રિવિધ તાપમાં પણ સુખ-શાંતિ-સમતા અને સમાધિનો અનુભવ કરવાની તાકાત જિનવાણી શ્રવણમાં છે. શ્રદ્ધાથી શ્રીમુખેથી જિનવાણીનું શ્રવણ કરવું એ શ્રાવકના જીવનનો શણગાર છે. પ્રવચનથી કલેશ ઘટે તો તમારા સંસારના કલેશો બંધ થયા વગર રહેશે નહીં. સેવજ્ઞીએ ધર્મ-આરાધનાનો પ્રાણ જિનવાણી શ્રવણ છે. વૃક્ષને નવપલ્લવિત રાખવા માટે જેમ પાણી જોઈએ, તેમ મન અને જીવનને પવિત્ર રાખવા માટે જિનવાણી શ્રવણ અતિ આવશ્યક છે.

આગામી ભાદરવા સુદ-૧૨, મંગળવાર તા.૨૨ સપ્ટેમ્બરના રોજ અકબર બાદશાહ પ્રતિબોધક વિશ્વપ્રસિદ્ધ જૈનાચાર્યશ્રી વિજયહીરસૂરિશ્વરજી મહારાજની ૪૩૦મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શુભાનુસાર પ્રવચનનું વિશિષ્ટ આયોજન થયેલ છે.

# વટારની લોટસ ગ્લોબલ સ્કૂલમાં સાઈબર જાગૃતિ અને બાળ સુરક્ષા અંગે પોલીસ દ્વારા માર્ગદર્શન અપાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

લોટસ ગ્લોબલ સ્કૂલ, વટાર ખાતે વિદ્યાર્થીઆને સાઈબર સુરક્ષા, બાળ સુરક્ષા અને વ્યક્તિગત સલામતી અંગે જાગૃત કરવાના હેતુથી વાપી ટાઉન પોલીસ દ્વારા સાઈબર જાગૃતિ અને બાળ સુરક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પીએસઆઈ શ્રી સી.ડી.ડામોરના માર્ગદર્શન હેઠળ મહિલા પોલીસ કોન્સ્ટેબલ આરતીબેન, પોલીસ કોન્સ્ટેબલ શ્રી રાજુભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ શ્રી આકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ ટીમે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી સાઈબર સુરક્ષા અને બાળ સંરક્ષણ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન સાઈબર જાગૃતિ, ગુડ ટચ-બેડ ટચ તથા હેલ્પલાઈન નંબર અંગે વિદ્યાર્થીઆને વિગતવાર સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઈન્ટરનેટનો સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા, પોતાની વ્યક્તિગત માહિતી તથા ઓનલાઈન ઓળખ સુરક્ષિત રાખવા અને શંકાસ્પદ ઓનલાઈન પ્રવૃત્તિઓથી સાવચેત રહેવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને ગુડ ટચ અને બેડ ટચ વચ્ચેનો તફાવત સમજાવી પોતાની વ્યક્તિગત સીમાઓ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. કોઈપણ અસહજ કે અયોગ્ય પરિસ્થિતિનો સામનો થાય ત્યારે ડર્યા વિના માતા-પિતા, શિક્ષક અથવા વિશ્વાસુ વડીલની મદદ લેવાની સમજ આપવામાં આવી હતી. ઈમરજન્સી પરિસ્થિતિમાં યોગ્ય હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પણ માર્ગદર્શન અપાયું હતું.

કાર્યક્રમમાં શાળાના પ્રમુખ શ્રીમતી સ્મિતા સચિન સિંહ, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સચિન કુમાર સિંહ, ટ્રસ્ટી સભ્ય શ્રી અનુપ સિંહ, પ્રિન્સિપાલ શ્રીમતી દીક્ષા સિંહ તથા વાઈસ પ્રિન્સિપાલ શ્રીમતી ગીતાંજલિ ગોસ્વામી સહિત શાળા પરિવારની ઉપસ્થિતિ રહી હતી.

આ જાગૃતિ કાર્યક્રમ વિદ્યાર્થીઓને ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને પરિસ્થિતિમાં પોતાની સુરક્ષા પ્રત્યે સજાગ, જવાબદાર અને આત્મવિશ્વાસુ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થયો હતો. કાર્યક્રમના અંતે લોટસ ગ્લોબલ સ્કૂલ તરફથી પીએસઆઈ શ્રી સી.ડી.ડામોર તથા સમગ્ર પોલીસ ટીમનો વિદ્યાર્થીઓમાં સાઈબર સુરક્ષા અને બાળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સરોધીમાં યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૧૦૨ યુનિટ રક્ત એકત્ર થયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપી તા.સરોધી ખાતે યુનિક ઈન્ફ્રા પરિસરમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. ઉદવાડા-પારડી રોડ પર યુનિક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને ન્યુકેમ બ્લડ બેંકના સંયુક્ત ઉપક્રમે 'રક્તદાન એ જ મહાદાન'ના ઉદ્દેશ સાથે આ કેમ્પ યોજાયો હતો. આ શિબિરમાં સ્થાનિક યુવાનો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ કુલ ૧૦૨ યુનિટ રક્ત એકત્ર કરાવ્યું હતું. તમામ રક્તદાતાઓને આયોજકો દ્વારા ગિફ્ટ આપી સન્માનિત કરાયા હતા. યુનિક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ વર્ષ ૨૦૦૩-૦૪થી શિક્ષણ, વિદ્યાર્થી સહાય અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે કાર્યરત છે. તાજેતરના પૂરમાં ટ્રસ્ટે ૩૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ અને વિના મૂલ્યે પેસ્ટ કંટ્રોલની કામગીરી પણ કરી હતી. કેમ્પના અંતે ભોજનની વ્યવસ્થા કરાઈ હતી.

# પારડીના નેવરીમાં ફરતા પશુ દવાખાનાએ વાછરડીનો જીવ બચાવ્યો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ફરતા પશુ દવાખાનામાં ઈમર્જન્સી કેસ આવતા એમ્બ્યુલન્સ નેવરી ગામે તાત્કાલિક સારવાર માટે પહોંચી હતી ત્યાં જઈ ડોક્ટરે તપાસ કરતા પશુપાલક વિનોદભાઈના ઘરે ત્રણ મહિનાની વાછરડીને પેટમાં સારણ ગાંઠ (Umbilical Hernia) હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસના ડો. સ્વાતી ગાવિત, ડૉ.હેતલ, ડૉ.ચિરાગ અને પાઈલોટ હિરેન, અશોક, ક્રિપાલે મળીને હરણીયાને મૂળમાંથી કાઢી વાછરડીનું ઓપરેશન કર્યું હતું. વાછરડીને હરણીયાના દુ:ખાવામાંથી મુક્ત કરી તેનો જીવ બચાવવા બદલ પશુપાલકે ડોક્ટર અને પાયલોટનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડ જિલ્લામાં સ્વચ્છતા શપથ કાર્યક્રમમાં ૧૫૦૮ શાળાના ૩ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર ૨૦૨૬ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી છે, જેમાં સ્વચ્છતા શપથ કાર્યક્રમમાં જિલ્લાની તમામ ૧૫૦૮ શાળામાં ૩,૦૪,૩૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડમાં 'સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર-૨૦૨૬' અભિયાન અંતર્ગત અટલબ્રિજ પાસના દરિયા કિનારે સફાઈ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં તાલુકા વિકાસ અધિકારી, Atdo,જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્ય, સરપંચ, ત.ક.મંત્રી, SBM-G કર્મચારીઓ, પંચાયત સભ્ય, ગ્રામજનો, આંગણવાડી વર્કર, આચાર્ય, તેમજ બાળકો સફાઈ અભિયાનમાં જોડાયા હતા. વલસાડ તાલુકાના મગોદ ડુંગરી ગામે જેટી પાસે દરિયા કિનારાની સાફ સફાઈ કરવામાં આવી જેમાં તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, એસબીએમ સ્ટાફ, સરપંચ અને ગામ લોકો હાજર રહ્યા હતા. આ જ રીતે ઉમરગામ તાલુકાના નારગોલ ગામમાં દરિયા કિનારે સફાઈ કરવામાં આવી હતી, જેમાં નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય રમણલાલ પાટકર, કલેક્ટર નીતિન સાંગવાન, તાલુકા વિકાસ અધિકારી, Atdo, જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્ય, સરપંચ,ત.ક.મંત્રી, SBM-G કર્મચારીઓ, પંચાયત સભ્યો, ગ્રામજનો, આંગણવાડી વર્કર, આચાર્ય, તેમજ બાળકો ઉપસ્થિત રહી સફાઈ અભિયાનમાં શ્રમદાન કરી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.





# વર્તમાન પ્રવાહ
## તંત્રી લેખ

## દેશના બંધારણીય તથા લોકતંત્રનું રક્ષણ કરવામાં સુપ્રિમ કોર્ટની તટસ્થ અને ન્યાયસંગત મહત્ત્વપૂર્ણ ભૂમિકા

તમિલનાડુના મુખ્યમંત્રી થલપતિ વિજયને સુપ્રિમ કોર્ટે ત્રણ ભાષાના મુદ્દે ટકોર કરી છે, અને દેશના સંઘીય માળખાને અનુરૂપ વલણ દાખવવાની શિખામણ આપી છે. તમિલનાડુમાં નવા જવાહર નવોદય વિદ્યાલયો ખોલવા અંગે તમિલનાડુની વિજય સરકારે ત્રણ ભાષાનો મુદ્દો આગળ ધરીને વાંધો લીધો છે. મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુમાં નવોદય વિદ્યાલય સ્થાપિત કરવાનો ચૂકાદો આપ્યો તેની સામે તમિલનાડુ સરકારે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરતા, તેની સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે કરેલી આ ટિપ્પણીઓ ઘણી જ ગંભીર છે અને રાજ્ય સરકાર દેશના બંધારણથી ઉપર નથી, તેવા મતલબની ટકોર કરી હોવાના તારણો નીકળી રહ્યા છે, જે વિજય સરકાર માટે લપડાક સમાન છે.

સુપ્રિમ કોર્ટે ટિપ્પણી કરી છે કે તમિલનાડુની ધરતી પર હિન્દી ભણાવી જ શકાય નહીં, તેવું વલણ રાખવું યોગ્ય નથી. હવે ત્રણ મહિનાની મુદત પડી હોવાથી થલપતિ વિજય સરકારે પણ 'માપ'માં રહીને જ પગલાં ઊઠાવવા પડે તેમ છે.

એક અન્ય કિસ્સામાં સુપ્રિમ કોર્ટે સીબીએસઈને પણ છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ પર અચાનક જ 'થ્રી લેન્ગવેજ પોલિસી' લગાવવા બદલ કડક ટિપ્પણી કરીને આ નિર્ણય આગામી વર્ષથી લાગુ કરવાનું સૂચન કર્યું છે. અદાલતે કહ્યું છે કે આગામી વર્ષથી ત્રણ ભાષાની નીતિ લાગુ કરવાથી બાળકોને માનસિક રીતે તૈયાર થવા માટે પર્યાપ્ત ટાઈમ પણ મળી રહેશે. તંત્રોને પણ ફૂલપ્રૂફ અને સમયબદ્ધ અમલીકરણ કરવાાં સરળતા મળી રહે તેમ હોવાથી અદાલતની આ ટિપ્પણીને ગંભીર ગણીને સરકારે 'માપ'માં રહીને નિર્ણય લેવો પડે તેમ છે.

આ બધા ઘટનાક્રમો તથા સુપ્રિમ કોર્ટની ટિપ્પણીઓ, ટકોરો જોતા એવું તારણ નીકળે છે કે સુપ્રિમ કોર્ટ તટસ્થ અને ન્યાયસંગત ધોરણે સમતોલ વલણ સરકારો તથા રાજકીય પક્ષો પર બંધારણીય રસ્તે 'લગામ' લગાવી રહી છે અને 'માપ'માં રહેવાનો આડકતરો સંકેત પણ આપી રહી છે. બીજી તરફ ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થા સામે સવાલો ઊભા થતા હોય અને તેના સંદર્ભે પણ સુપ્રિમ કોર્ટે સવાલો પૂછવા પડતા હોય અને ટકોરો કરવી પડતી હોય તો એવું કહી શકાય કે દેશના બંધારણીય તથા લોકતંત્રનું રક્ષણ કરવામાં સુપ્રિમ કોર્ટ તટસ્થ અને ન્યાયસંગત મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે.

## ૨૧ સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ

'આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ૧૯૮૧માં જાહેર કરવામાં આવ્યો. સપ્ટેમ્બર ૧૯૮૨ની ૨૧ સપ્ટેમ્બરનાં રોજ પ્રથમવાર તેની ઉજવણી કરવામાં આવી. 'વિશ્વ શાંતિ દિવસ' ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સદ્‌ભાવનો સંદેશો ફેલાવવાનો છે. ઝાડની ડાળી પર બેઠેલું સફેદ કબૂતર એ શાંતિનું પ્રતિક છે. વિવિધ ધર્મોમાં કબૂતરને શાંતિનું દૂત માનવામાં આવે છે. વિશ્વ શાંતિ દિવસે ઠેર ઠેર કબૂતર ઉડાડી શાંતિનો સંદેશો ફેલાવાય છે.

૨૧ સપ્ટેમ્બરને 'વૈશ્વિક યુદ્ધ વિરામ દિવસ' તરીકે પણ ઉજવાય છે. આ દિવસે વિશ્વમાં જ્યાં પણ યુદ્ધ ચાલતું હોય ત્યાં નિઃશસ્ત્રીકરણની અપેક્ષા રાખવામાં આવે છે. આ દિવસે યુદ્ધવિરામ રાખવાનો આશય યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં નિર્દોષોને મદદ પહોંચાડવાનો પણ છે. દુનિયાનાં મોટા ભાગના દેશો દર વર્ષે શસ્ત્રો પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરે છે. જ્યારે આરોગ્ય અને શિક્ષણ પાછળ ખૂબ જ ઓછી રકમ ખર્ચ થાય છે. આમ, આ દિવસની ઉજવણી પાછળનો એક આશય એ પણ છે કે જો દુનિયાનાં દરેક દેશ શાંતિ માટે પ્રયત્નો કરે તો આરોગ્ય અને શિક્ષણ જેવી મહત્ત્વની ચીજો પાછળ વધુ નાણાં ફાળવી શકાય. જેને કારણે એક મજબૂત અર્થતંત્રની રચના કરી શકાય અને લોકોના જીવનધોરણમાં પણ સુધારો કરી શકાય, કારણ કે જો દેશનો નાગરિક સ્વસ્થ અને ભણેલો હશે તો જ દેશ સ્વસ્થ અને મજબૂત બની શકશે અને વિકાસ કરી શકશે. સંયુક્ત રાષ્ટ્રનાં ન્યુયોર્ક સ્થિત મુખ્ય મથકમાં એક શાંતિ બેલ રાખવામાં આવ્યો છે. 'વિશ્વ શાંતિ દિવસ'ની ઉજવણીની શરૂઆત આ બેલને વગાડીને કરવામાં આવે છે. આ બેલ દુનિયાભરમાંથી બાળકો દ્વારા એકઠા કરવામાં આવેલા સિક્કાઓને પીગાળીને બનાવવામાં આવ્યો છે. આ બેલ જાપાનનાં સંયુક્ત રાષ્ટ્ર એસોસિયેશન દ્વારા ભેટ આપવામાં આવ્યો હતો. જે યુદ્ધના ભયંકર પરિણામોનો અહેસાસ કરાવતો રહે છે. આ બેલ પર 'વિશ્વ શાંતિ અમર રહો' સૂત્ર કંડારવામાં આવ્યું છે.

કોઈ પણ જીવ ખાઈ છે, પીએ છે, કમાય છે, જીવે છે, નવું ઘર લે છે, ગાડી લે છે, પરંતુ આ બધાનો હેતુ અંતે તો શાંતિ મેળવવાનો જ હોય છે. માણસ પાસે ગમે તેટલું હોય પણ જ્યાં સુધી એના મનમાં શાંતિનો વાસ ન હોય ત્યાં સુધી એને ચેન પડતો નથી. ઈશ્વરની ભક્તિ પણ ત્યારે જ થઈ શકે છે જ્યારે માણસનું મન અને મગજ વિચારો, દુરાગ્રહો કે હઠાગ્રહો રહિત થઈ જાય તો જ એ ભક્તિમાં એકાકાર થઈ શકાય છે. ક્યારેક મનુષ્ય વધુ કમાવાની કે વધુ સુખ મેળવવાની લાલસામાં, ક્યારેક મિત્રો પાસેથી વધારે પડતી અપેક્ષા સેવીને, ક્યારેક સ્વજનો પર જબરદસ્તી પોતાને મન ચાલતી વાણી, વર્તન કે વ્યવહાર માથે નાખીને જાતે જ ઉભા કરેલી અશાંતિનાં વર્તુળમાં ફસાઈ જતો હોય છે. આ શાંતિ દિવસ પર સૌ અશાંતિનાં વમળોમાંથી મુક્ત થઈને શાંતિ અને કરુણાનો અહેસાસ કરીએ અને કરાવતા શીખીએ.

- મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવી માટે ઘાતક હોવાનો પુરાવો

### ગૂગલ જેમિનીએ ૩ કંપનીઓ હેક કરી દીધીઃસુરક્ષા પ્રોટોકોલ માટે અત્યંત ગંભીર અને ખતરનાક

ગૂગલનું અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ 'જેમિની' માનવ નિયંત્રણમાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયાની ૩ મોટી કંપનીઓને હેક કરી ચૂક્યું હોવાનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, આ ઘટના આ વર્ષે મે મહિનામાં સાયબર સુરક્ષા ફર્મ 'ઈરરેગ્યુલર' દ્વારા આયોજિત એક નિયમિત પરીક્ષણ દરમિયાન બની હતી. આ સમગ્ર માહોલ 'કેપ્ચર-દ-ફ્લેગ' સાયબર ટેસ્ટ દરમિયાન ખોટી ઓળખ અને ઓપન ઈન્ટરનેટ કનેક્ટિવિટીના કારણે શરૂ થયો હતો. ટેસ્ટ દરમિયાન જેમિનીને એક કાલ્પનિક કંપનીમાંથી ડેટા ચોરવાનું નિર્દેશન અપાયું હતું, જેનું નામ ભૂલથી એક વાસ્તવિક કંપની સાથે મળતું આવતું હતું. પરીક્ષણનું વાતાવરણ સુરક્ષિત અને બંધ રાખવાનું હતું, પરંતુ માનવીય ભૂલના કારણે તેની ઈન્ટરનેટ કનેક્ટિવિટી ખુલ્લી રહી ગઈ હતી. મોડેલે ઈન્ટરનેટ પર ટાર્ગેટ કંપનીના નામથી જોડાયેલા વેબ સર્ચ કર્યા, ઓનલાઈન પડેલા ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા અને ૩ વાસ્તવિક કંપનીઓના કમ્પ્યુટર્સમાં અનઓથોરાઈઝ્ડ એન્ટ્રી મેળવી લીધી.




પરીક્ષણના અલગ-અલગ દોર દરમિયાન જેમિની AI એ પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કર્યો હતો. એક મામલામાં મોડેલે સુરક્ષિત નેટવર્કમાં ઘૂસવા માટે સતત અલગ-અલગ પાસવર્ડ્સ ગેસ કર્યા હતા. જ્યાં સુધી કે તેણે સુરક્ષા ઘેરો તોડી નાખ્યો. અન્ય ટેસ્ટમાં આ સિસ્ટમે પબ્લિક ડેટા રિપોઝિટરીમાંથી સિક્યોર્ડ એક્સેસ ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા હતા અને તેની મદદથી બહારના કમ્પ્યુટર્સમાં ઘૂસણખોરી કરી હતી. ગૂગલે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે મોડેલે જ્યારે અહેસાસ કર્યો કે તે કોઈ સિમ્યુલેટેડ ટાર્ગેટને બદલે વાસ્તવિક કોર્પોરેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પ્રવેશી ગયું છે, ત્યારે તેણે તરત જ પોતાના હુમલા અને ઓપરેશન્સ રોકી દીધા હતા. કંપનીએ આને સામાન્ય 'બગ બાઉન્ટી' પ્રોગ્રામ જેવું ગણાવ્યું હતું. જોકે, સાયબર સુરક્ષા જગતના અનેક વિશેષજ્ઞોનું માનવું છે કે કોઈ ઓટોનોમસ AI એજન્ટનું માનવીય નિયંત્રણ વગર વાસ્તવિક નેટવર્કને હેક કરવું એ સુરક્ષા પ્રોટોકોલ માટે અત્યંત ગંભીર અને ખતરનાક નિષ્ફળતા છે.

# શ્રી ગણેશ ચતુર્થી અને ભગવાન વિઘ્નહર્તાનો શાસ્ત્રીય મહિમા



**પ્રાસંગિક**
**વિનોદભાઈ માછી નિરંકારી**
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

**પ્રથમ પૂજ્ય ગણેશજીનું આધ્યાત્મિક સ્થાન..**

સનાતન ધર્મમાં ભગવાન શ્રી ગણેશજીને 'પ્રથમપૂજ્ય', 'વિઘ્નહર્તા', 'બુદ્ધિદાતા' અને 'મંગલમૂર્તિ' તરીકે પૂજવામાં આવે છે. કોઈપણ પૂજા, અર્ચના, વ્રત, યજ્ઞ કે શુભ કાર્યનો પ્રારંભ ગણેશજીના સ્મરણ અને પૂજન વિના અપૂર્ણ ગણાય છે. પંચદેવ શિવ, વિષ્ણુ, દુર્ગા, સૂર્ય અને ગણેશની પૂજામાં ગણેશજી મુખ્ય સ્થાન ધરાવે છે. 'ગણેશ પુરાણ', 'મદ્‌ગલ પુરાણ', 'શિવ પુરાણ' અને 'બ્રહ્મવૈવર્ત પુરાણ' જેવા ધર્મગ્રંથોમાં ભગવાન શ્રી ગણપતિના અવતાર, દિવ્ય લીલાઓ અને તેમના ગૂઢ સ્વરૂપનું ગંભીર શાસ્ત્રીય વિવેચન કરવામાં આવ્યું છે. ગણેશજી કેવળ આકૃતિ કે દેવતા નથી પરંતુ તેઓ પરબ્રહ્મના સાકાર સ્વરૂપ, સદ્‌બુદ્ધિ અને રિદ્ધિસિદ્ધિના સાક્ષાત દાતા છે.

**ગણેશચતુર્થી અને અવતરણ કાળનું મહત્ત્વ..**

ગણેશ પુરાણ અને શિવ પુરાણ અનુસાર ભગવાન શ્રી ગણેશજીનો દિવ્ય પ્રાગટ્ય અવતાર ભાદરવા મહિનાના શુક્લ પક્ષની ચતુર્થીના દિવસે થયો હતો. શાસ્ત્રોક્ત વિધાન મુજબ ગણેશજીનું પ્રાગટ્ય બપોરે મધ્યાહ્ન કાળમાં થયું હતું તેથી ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિજીની મૂર્તિ સ્થાપના અને વિશેષ ષોડશોપચાર પૂજા બપોરના સમયે કરવી શ્રેષ્ઠ અને ફળદાયી માનવામાં આવે છે. ગણેશજી બુદ્ધિના અધિષ્ઠાતા દેવ છે. જ્યાં સદ્‌બુદ્ધિ હોય છે ત્યાં આપોઆપ 'શુભ' અને 'લાભ'નો વાસ થાય છે. તેમની કૃપાથી સાધકને ધન, ધાન્ય, સમૃદ્ધિ અને સંતતિની પ્રાપ્તિ થાય છે.

**દશ દિવસીય ગણેશોત્સવ અને પાર્થિવ પૂજાનું શાસ્ત્રીય રહસ્ય..**

શાસ્ત્રોમાં દશ દિવસના ગણેશોત્સવ ચતુર્થીથી અનંત ચૌદસ સુધી અને જળ વિસર્જન પાછળ અત્યંત સુંદર પૌરાણિક અને વૈજ્ઞાનિક રહસ્ય રહેલું છે.

**મહાભારત લેખન કથાઃ** મહર્ષિ વેદવ્યાસજી જ્યારે મહાકાવ્ય 'મહાભારત'ની રચના કરવા માંગતા હતા ત્યારે તેમણે ભગવાન ગણેશજીને લેખક બનવા વિનંતી કરી. ગણેશજીએ એક શરતે સ્વીકાર કર્યો કે વ્યાસજીએ અટક્યા વિના સતત બોલવું પડશે. ગણેશ ચતુર્થીના દિવસથી મહર્ષિ વ્યાસજી બોલતા ગયા અને ગણેશજી અવિરતપણે શબ્દશઃ લખતા રહ્યા. સતત ૧૦ દિવસ સુધી અહોરાત્ર લેખન કાર્ય કરવાને કારણે ગણેશજીના શરીરમાંથી પ્રચંડ તાપમાન ઉત્પન્ન થયું. દશમા દિવસે અનંત ચતુર્દશી/ચૌદસ જ્યારે વ્યાસજીએ આંખો ખોલી ત્યારે ગણેશજીનું શરીર અત્યંત તપી ગયું હતું. તેમના શરીરને શીતળતા આપવા માટે વ્યાસજીએ તેમના શરીર પર સુગંધિત માટીનો લેપ કર્યો. લેપ સુકાઈ જતાં ગણેશજીના શરીરને સંપૂર્ણ શીતળ કરવા વ્યાસજી તેમને સમીપના પવિત્ર જળાશય/તળાવમાં લઈ ગયા અને જળમાં સ્નાન કરાવ્યું.

**પાર્થિવ ગણેશ અને પંચભૂત સિદ્ધાંત..**

આ જ પૌરાણિક પ્રસંગના પ્રતીકરૂપે દર વર્ષે ગણેશ ચતુર્થી પર શુદ્ધ માટી કે ગાયના છાણથી બનેલી પાર્થિવ ગણેશ મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. દશ દિવસ સુધી તેમને પ્રિય ભોગ અર્પણ કરી અહોરાત્ર પૂજા કરવામાં આવે છે.

આપણું શરીર પણ પંચભૂત પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે અને અંતે તેમાં જ વિલીન થઈ જાય છે. આ જ સનાતન સત્યનું સ્મરણ કરાવવા અનંત ચૌદસના દિવસે શ્રી ગણપતિજીનું પવિત્ર જળમાં વિસર્જન કરવામાં આવે છે.

**ચતુર્થીએ ચંદ્ર દર્શન નિષેધ અને શમંતક મણિની કથા..**

શાસ્ત્રો મુજબ ભાદરવા સુદ ચતુર્થીની રાત્રે ચંદ્ર દર્શન કરવું નિષિદ્ધ ગણાય છે. પૌરાણિક કથા અનુસાર એકવાર ગણેશજી ભોજન કરીને મૂષક પર જઈ રહ્યા હતા ત્યારેઅચાનક મૂષક ચમકતાં ગણેશજી સમતુલન ગુમાવી બેઠા. આ જોઈને આકાશમાં સ્થિત ચંદ્રદેવે ગર્વથી ગણેશજીના ગજાનન સ્વરૂપનું હાસ્ય ઉડાવ્યું. અહંકારી ચંદ્રને પાઠ ભણાવવા ગણેશજીએ શાપ આપ્યો કે જે કોઈ આ દિવસે તમારા દર્શન કરશે તેના પર અન્યાયી આળ કે ચોરીનું કલંક લાગશે.

દ્વાપર યુગમાં સ્વયં ભગવાન શ્રી કૃષ્ણથી પણ ભૂલથી આ દિવસે ચંદ્ર દર્શન થઈ ગયું હતું જેના કારણે તેમના પર 'શમંતક મણિ' ચોરી કરવાનો ખોટો આરોપ લાગ્યો હતો, બાદમાં શ્રી કૃષ્ણે જામ્બુવંત સાથે યુદ્ધ કરી મણિ મેળવી પોતાનું નિષ્કલંક સ્વરૂપ સિદ્ધ કર્યું હતું.

જો ભૂલથી ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્ર દર્શન થઈ જાય તો દોષમાંથી મુક્તિ મેળવવા શાસ્ત્રોમાં દર્શાવેલા નીચેના સંસ્કૃત શ્લોકનો જાપ કરવો જોઈએ..

***સિંહઃ પ્રસેનમવધીત્ સિંહો જામ્બવતા હતઃ,***
***સુકુમારક મા રોદીઃ તવ હ્યેષ સ્યમન્તકઃ***

હે સુકુમાર બાળક! તું રોઈશ નહીં, પ્રસેનને સિંહે માર્યો અને તે સિંહને જામ્બુવંતે માર્યો, હવે આ શમંતક મણિ તારો જ છે. લોકપરંપરામાં આ દિવસે પડોશીના ઘરના છાપરા પર નાનો કાંકરો ફેંકીને જેથી તેઓ ક્રોધ કરે અને કલંક કટાઈ જાય 'હળવો દોષ' મુક્ત કરવાની પણ પરંપરા છે પરંતુ શાસ્ત્રોક્ત શ્લોકનો પાઠ કરવો એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

**ગણપતિજીનાસ્વરૂપનું સૂક્ષ્મ રહસ્યઃ**

**ઝીણી આંખોઃ** ગણપતિજીની અતિ સૂક્ષ્મ આંખો બારીક અવલોકન કરવાની ક્ષમતા દર્શાવે છે. તે માનવીને જીવનમાં સૂક્ષ્મ દ્રષ્ટિ રાખવાની પ્રેરણા આપે છે. આપણી દ્રષ્ટિ સૂક્ષ્મ રાખીને આપણને ખબર પણ ન પડે તે રીતે આપણામાં પ્રવેશતા દોષોને અટકાવવા જોઈએ.

**મોટું નાકઃ** મોટું નાક દૂર દૂર સુધીની સુગંધ કે દુર્ગંધને ઓળખી શકવાની ક્ષમતા દર્શાવે છે. તત્ત્વવેત્તા અને જ્ઞાની પુરૂષમાં દીર્ઘદ્રષ્ટિપણું દૂરદર્શીપણું હોવું જોઈએ. પ્રત્યેક વાત કે પરિસ્થિતિની ગંધ તેમને અગાઉથી જ આવી જવી જોઈએ.

**મોટા કાનઃ** મોટા કાન 'બહુશ્રુત' હોવાનું દર્શાવે છે એટલે કે ઘણું બધું સાંભળીને જેમણે જ્ઞાનનિધિ વધારી છે છતાં હજુ પણ વધુ સત્સંગ સાંભળવા તૈયાર રહે છે. તેમના કાન સૂપડા જેવા છે. સૂપડાનો ગુણ છે કે સારતત્વને ગ્રહણ કરી લેવું અને કચરાફોતરાંને ફેંકી દેવા.

**બે દાંત એક આખો અને બીજો અડધોઃ** ગણપતિને બે દાંત છે. એક અખંડ અને બીજો ખંડિત. આખો દાંત શ્રદ્ધાનું પ્રતીક છે અને તૂટેલો દાંત બુદ્ધિનું પ્રતીક છે. જીવનના સાચા વિકાસ માટે આત્મશ્રદ્ધા અને ઈશ્વરશ્રદ્ધા સંપૂર્ણ અખંડ હોવી જોઈએ. બુદ્ધિ કદાચ ઓછી હશે તો ચાલશે પરંતુ પ્રભુ પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો આવશ્યકછે.

પરમાત્માએ માનવને બે અમૂલ્ય ભેટ આપી છેઃ શ્રદ્ધા અને બુદ્ધિ. આ બંનેનો સમન્વય થાય તો જ જીવનનો સાચો વિકાસ થાય છે. માનવીની બુદ્ધિ સીમિત હોવાથી આખરે તેને અખૂટ શ્રદ્ધાનો સહારો લેવો પડે છે. ખંડિત દાંત એ બુદ્ધિની મર્યાદાનું અને પૂર્ણ દાંત એ અખંડ શ્રદ્ધાનું પ્રતીક છે.

**ચાર હાથ અને આયુધોઃ** ગણપતિજીને ચાર હાથ છે, જેમાં અનુક્રમે અંકુશ, પાશ, મોદક અને આશીર્વાદ આપતો હાથ અભયમુદ્રા છે.

**અંકુશઃ** વાસના અને વિકારો પર નિયંત્રણ તથા સંયમ જરૂરી છે તે દર્શાવે છે.

**પાશઃ** જરૂર પડે ત્યારે ઈન્દ્રિયોને નિયંત્રિત અને શિક્ષિત કરવાનું સામર્થ્ય પણ તત્ત્વવેત્તાઓમાં હોવું જોઈએ તે દર્શાવે છે.

**મોદકઃ** મોદક એટલે જે 'મોદ' આનંદ કરાવે તે. મહાપુરૂષોનો આહાર અને વિચાર આનંદ તથા સંતોષ આપે તેવો સાત્વિક હોવો જોઈએ. એક હાથમાં મોદક રાખીને તેઓ પોતાના વહાલા ભક્તોને આનંદ આપવા માટે બોલાવી રહ્યા છે.

**વિશાળ પેટઃ** વિશાળ પેટ બધી વાતો પચાવવાની અદ્‌ભૂત ક્ષમતા દર્શાવે છે. સમુદ્રમાં જેમ બધું સમાઈ જાય છે તેમ મહાપુરૂષોના પેટમાં પણ દરેક વાત સમાઈ જાય છે. બીજાની સાંભળેલી વાતો કે રહસ્યો પોતાના વિશાળ પેટમાં ગુપ્ત રાખવાંએ આનું સૂચન છે.

**નાના પગઃ** ગણપતિના પગ નાના છે. નાના પગ 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર' એ કહેવતનો સાર સમજાવે છે. ટૂંકા પગ એ ગંભીરતા અને બુદ્ધિમત્તાનું લક્ષણ છે એટલે કે તેઓ પોતે જ ચંચળ થઈને દોડ્યા કરતા નથી પરંતુ પોતાની બુદ્ધિથી બીજાને યોગ્ય દિશામાં દોડાવે છે.

**વાહન ઉંદરઃ** ગણપતિજીનું વાહન ઉંદર છે.



મહાપુરૂષોના સાધનો ભલે નાના હોય પરંતુ સ્વભાવ એટલો નમ્ર હોવો જોઈએ કે જેથી તેઓ સહેલાઈથી સૌના હૃદયમાં કે ઘરમાં સ્થાન પામી શકે. બીજી એક વ્યવહારિક નીતિ પણ ઉંદર પાસેથી શીખવા જેવી છેઃ ઉંદર જ્યારે કરડે છે ત્યારે ફૂંક મારીને કરડે છે જેથી સામેવાળાને તુરંત ખબર પડતી નથી. તત્ત્વવેત્તા પણ કોઈને માર્ગદર્શિત કરે કે કડવી વાત કહે ત્યારે એવી મિઠાસ અને વિવેકથી કહે કે સાંભળનારને ખોટું ન લાગે અને કાર્ય પણ સિદ્ધ થઈ જાય. બીજું ઉંદર એ ચૌર્યવૃત્તિ કે ગ્રાહ્યતાનું પણ પ્રતીક છે જ્યાંથી પણ જે સારૂં અને શ્રેષ્ઠ મળે તેને ગ્રહણ કરી લેવું અને તેનો સદુપયોગ કરવો.

**સૂંઢની દિશાનું શાસ્ત્રીય રહસ્ય..**

**જમણી બાજુ વળેલી સૂંઢ (સિદ્ધિવિનાયક)ઃ** આ સ્વરૂપ સૂર્યનાડીનું પ્રતીક છે. આ મૂર્તિની પૂજામાં સખત નિયમો, વિધિવિધાન અને પવિત્રતા અનિવાર્ય છે. તે જલ્દી સિદ્ધિ આપે છે પરંતુ શિસ્ત માંગે છે.

**ડાબી બાજુ વળેલી સૂંઢ (ઋદ્ધિસિદ્ધિ દાતા)ઃ** આ સ્વરૂપ ચંદ્રનાડીનું પ્રતીક છે. આ સ્વરૂપ અત્યંત સૌમ્ય ગણાય છે. ગૃહસ્થો માટે ઘરમાં ડાબી બાજુ વળેલી સૂંઢવાળા ગણેશજીની પૂજા કરવી સર્વોત્તમ અને સમૃદ્ધિદાયક મનાય છે.

**સીધી સૂંઢઃ** આ સ્વરૂપ સુષુમના નાડીનું દર્શક છે, જે યોગીઓ અને સાધકો માટે ઈષ્ટ ગણાય છે.

**શાસ્ત્રોક્ત ગણેશ પૂજન વિધિ અને પ્રિય દ્રવ્યો..**

ગણેશજીની પૂજા અત્યંત સરળ પણ ભાવપૂર્ણ હોવી જોઈએ. પવિત્ર સ્થાન પર બાજોઠ મૂકી તેના પર લાલ વસ્ત્ર પાથરવું. તેના પર માટીના ગણપતિજીની સ્થાપના કરવી. નજીકમાં જળથી ભરેલો કલશ મૂકી તેના પર નારિયેળ અને આંબાના પાન મૂકવા.

**દૂર્વા (ધરો)ઃ** ગણેશજીને ૨૧ દૂર્વા મંજરી અર્પણ કરવી અત્યંત પ્રિય છે. અનાલાસુર નામના રાક્ષસનો દાહ શાંત કરવા ગણેશજીએ દૂર્વા ધારણ કરી હતી. ગણેશજીને લાલ સિંદૂરનું તિલક કરવું. ગણેશજીને મોદક અને બુંદીના લાડુ અતિ પ્રિય છે, જે જ્ઞાનના આનંદનું પ્રતીક છે. તાંબૂલ અને શમીના પાન ચડાવવાથી વિઘ્નો દૂર થાય છે. પૂજા દરમિયાન 'ઓમ્ ગં ગણપતયે નમઃ' (ॐ गं गणपतये नमः) કે ગણેશ ગાયત્રી મંત્રનો જાપ કરવો. નિત્ય સવારસાંજ ગણેશ આરતી અને ગણેશ ચાલીસા કે સંકટનાશન સ્તોત્રનો પાઠ કરવો.

ભગવાન શ્રી ગણેશ કેવળ પૂજાના દેવ નથી પરંતુ તે ઉત્તમ જીવનશૈલી અને ઉચ્ચ બુદ્ધિમત્તાના માર્ગદર્શક છે. ગણેશ ચતુર્થીનો પાવન પર્વ આપણને શીખવે છે કે વિઘ્નોથી ડર્યા વગર બુદ્ધિ, ધૈર્ય અને વાણીના સંયમથી દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જે ઘરમાં ભક્તિભાવથી ગણપતિ બાપ્પાનું સ્વાગત અને પૂજન થાય છે ત્યાંથી અજ્ઞાન, કલેશ અને દરિદ્રતાનો નાશ થાય છે તથા સુખ, શાંતિ, સદ્‌બુદ્ધિ અને સમૃદ્ધિનો અખંડ વાસ થાય છે.

## કેન્સરની સારવારમાં હંમેશાં 'વધુ સારવાર' એટલે 'વધુ સારું પરિણામ' એવું નથી હોતું

સામાન્યરીતે દરેક સ્ત્રી માટે મેનોપોઝ અને પેરિમેનોપોઝ ખૂબ જ મહત્ત્વનો એક પડાવ હોય છે. શરીરમાં આવતા બદલાવથી તે ઝૂઝતી જોવા મળે છે. આ બધા જ બદલાવ સામાન્ય રીતે મેનોપોઝની સ્થિતિની સાથે જ પૂરા થતા હોય છે અને ત્યારબાદ દરેક સ્ત્રી એક અલગ જીવન તરફ પ્રયાણ કરતી હોય છે. આ બધા જ બદલાવમાંનો એક મોટો બદલાવ છે માસિકનું બંધ થઈ જવું, પરંતુ જો મેનોપોઝનો સમયગાળો પૂરો થઈ ગયાના બે વર્ષ પછી જો અચાનક ખૂબ જ બ્લિડિંગ શરૂ થાય તો સ્વાભાવિક રીતે ચિંતાની સ્થિતિ છે તેમ કહી શકાય અને ડોક્ટરની સલાહ તો લેવી જ પડે. આવું જ કંઈક બન્યું એક મહિલા સાથે. તેઓ પોતાના દીકરાને ત્યાં દિવાળીની ખુશીઓ મનાવી રહ્યાં હતા અને તેમને એકદમથી બ્લિડિંગ શરૂ થઈ ગયું. તેમના પતિ મુકેશભાઈએ બે દિવસ રાહ જોવાની સલાહ આપી. આ બે દિવસ દરમિયાન પ્રજ્ઞાબહેન(નામ બદલેલું છે) સતત ચિંતામાં રહ્યા અને તે સ્વાભાવિક પણ હતું. મનમાં હજારો સવાલો અને ચિંતા. મને કઈ થઈ જશે તો મારા પરિવારનું શું? બે દિવસના અંતે તેમણે મુકેશભાઈને કહ્યું, 'મારે વધુ રાહ નથી જોવી. ચાલો, ડૉક્ટર પાસે. 'મુકેશભાઈને પણ હવે ચિંતા થઈ અને તેઓ પત્ની સાથે તેમના ગાયનેકોલોજિસ્ટ પાસે પહોંચી ગયા. તપાસ અને સોનોગ્રાફી કર્યા પછી ગાયનેકોલોજિસ્ટ દ્વારા ઓન્કોલોજિસ્ટના પરામર્શ માટે સલાહ આપવામાં આવી. તેઓ કેડી કેન્સર સેન્ટર ખાતે ડૉ. સોમેશ ચંદ્રા અને ડૉ. નિષ્ઠા ત્રિપાઠીને મળ્યા અને તપાસમાં પ્રારંભિક સ્ટેજનું એન્ડોમેટ્રિયલ કેન્સર (ગર્ભાશયના અંદરના પડનું કેન્સર) છે તેવું જાણવા મળ્યું. જ્યારે આ વાતની જાણ ડૉ. સોમેશ દ્વારા પ્રજ્ઞાબહેનને કરવામાં આવી ત્યારે તેમણે એક જ પ્રશ્ન પૂછ્યો, 'સર, શું મારી પાસે સમય બાકી છે?' આ સમયે એક અજંપા, આગળ શું ના પ્રશ્નો સાથેનું સ્મિત હતું. ડૉ. સોમેશ દ્વારા તેમને સારવાર અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી. કેન્સર હજી પ્રથમ તબક્કામાં હતું, એટલે સારવાર માટે ઘણા ઓપ્શન ઉપલબ્ધ હતા. મુકેશભાઈ અને પ્રજ્ઞાબહેન સાથે વિગતવાર વાતચીત કર્યા પછી રોબોટિક હિસ્ટરેક્ટોમી સાથે સેન્ટિનલ લિમ્ફનોડ બાયોપ્સી કરવામાં આવી. આ મિનિમલી ઈન્વેસિવ સર્જરી દ્વારા કેન્સરગ્રસ્ત ભાગ દૂર કરવામાં આવ્યો અને સાથે જ સેન્ટિનલ લિમ્ફ નોડ્સની તપાસ કરીને કેન્સર ત્યાં સુધી ફેલાયું છે કે નહીં, તેની મહત્ત્વપૂર્ણ માહિતી પણ મળી. ડૉ. સોમેશ અને ડૉ. નિષ્ઠાએ એક પગલું આગળ ભરતાં કેન્સરને વધુનજીકથી સમજવા માટે ટ્યુમરનું મોલેક્યુલર ટેસ્ટિંગ કરવાનું નક્કી કર્યું. આ ટેસ્ટમાં તેમના ટ્યુમરમાં POLE મ્યુટેશન જોવા મળ્યું. POLE મ્યુટેશન ધરાવતા કેટલાક એન્ડોમેટ્રિયલ કેન્સરમાં પ્રોગ્નોસિસ સામાન્ય રીતે ખૂબ સારી હોય છે. તેથી માત્ર 'કેન્સર છે' એટલું જાણવું પૂરતું નથી. કેન્સર કયા સ્ટેજનું છે, તેની સાથે તે કઈ બાયોલોજી ધરાવે છે તે સમજવું પણ સારવાર માટે અત્યંત મહત્ત્વનું છે. આ બધા જ રિપોર્ટને ધ્યાનમાં રાખી નિર્ણય લેવામાં આવ્યો કે કિમો થેરાપી કે રેડિયેશનની જરૂર નથી. આજે ૬ મહિના પછી પ્રજ્ઞાબહેન યોગ્ય સમયાંતરે ફોલોઅપ માટે આવે છે અને સ્વસ્થ છે. આ કેસ એક વાત સમજાવે છે કે, કેન્સરની સારવારમાં હંમેશાં 'વધુ સારવાર' એટલે 'વધુ સારું પરિણામ' એવું નથી હોતું. (સૌજન્યઃ ક.મિ.)



# સ્પોર્ટ્સ ન્યૂઝ

### એશિયન ગેમ્સમાં ભારતની દીકરીઓ ચમકી

## એશિયન ગેમ્સમાં શૂટિંગમાં ભારતે જીત્યો સિલ્વર મેડલ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૦:** એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ૨૦ સપ્ટેમ્બર અને રવિવારે ભારતીય નિશાનેબાજોએ શાનદાર પ્રદર્શન કર્યું અને ભારત માટે પહેલું સિલ્વર મેડલ જીતી લીધું છે. ભારતની દીકરીઓએ ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યું છે. આ ટીમ ઈલાવેનિલ વલારિન, સોનમ મસ્કર અને વિદર્સા કોચલુમ્કલની હતી.

ભારત માટે રવિવારનો દિવસ ખાસ રહ્યો છે. એશિયન ગેમ્સમાં રાઈફલ શૂટિંગ ટીમ ઈવેન્ટમાં ભારતે સિલ્વર મેડલ જીત્યું છે. ભારતની ૩ શૂટર ઈલાવેનિલ વલારિન, સોનમ મસ્કર અને વિદર્સા કોચલુમ્કલે ટીમ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. તેમણે શૂટિંગમાં શાનદાર પ્રદર્શન કરતાં ભારત માટે રજત પદક જીત્યું છે. આઈચી પ્રીફેક્ચરલ જનરલ શૂટિંગ ગેલેરીમાં ભારતીય ટીમે ૬-૬ સીરીઝની શૂટિંગ બાદ ૧૮૯૮ અંક મેળવ્યા અને બીજું સ્થાન મેળવ્યું. ટીમ ઈવેન્ટમાં પહેલું સ્થાન અને ગોલ્ડ મેડલ ચીન એ જીત્યું છે. ચીનની જીએફઈ વાંગ, જિયાયુ હાન અને યુચેન ડૂની ટીમે ૧૯૦૪.૨ અંક સાથએ વિશ્વ રેકોર્ડ સ્કોર કર્યો અને ગોલ્ડ મેડલ જીત્યું. જ્યારે જાપાનની ટીમે ૧૮૯૭.૧ અંક સાથે કાંસ્ય પદક મેળવ્યું.

મહત્વપૂર્ણ છે કે ભારતની નિશાનેબાજ ઈલાવેલિન વલારિન અને સોનમ મસ્કર એ મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલના વ્યક્તિગત ફાઈનલ માટે પણ ક્વોલીફાઈ કર્યું છે. જેમાં સોનમ મસ્કર એ ૬૩૪.૧ અંક સાથે ત્રીજું સ્થાન મેળવ્યું છે જ્યારે ઈલાવેલિન ૬૩૩.૫ અંક સાથે સાતમા સ્થાને છે. ઈલાવેલિન વલારિનને આંતરરાષ્ટ્રીય સ્તરે વર્ષોનો અનુભવ છે જ્યારે સોનમ મસ્કર અને વિદર્સા વિનોદ એ પણ ટીમ માટે મહત્વપૂર્ણ યોગદાન કર્યું. ત્રણેય ખેલાડીના સંયુક્ત પ્રદર્શનના કારણે આ સ્પર્ધામાં ભારતે સિલ્વર મેડલ જીત્યું.

## એશિયન ગેમ્સમાં દીપ્તિ-નંદિનીનો કહેર, ભારત ફાઇનલમાં પહોંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૦:** ભારતે સેમિફાઇનલમાં બાંગ્લાદેશને ૧૧૪ રનથી હરાવ્યું છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ ૨૦૨૬ એશિયન ગેમ્સની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે અને તેનો ઓછામાં ઓછો સિલ્વર મેડલ નિશ્ચિત થઈ ગયો છે. સેમિફાઇનલ મુકાબલામાં ટીમ ઈન્ડિયાએ પ્રથમ બેટિંગ કરીને ૧૯૫ રન બનાવ્યા હતા. શેફાલી વર્માએ ૧૦૦ રનની ઐતિહાસિક ઈનિંગ



રમી. ૧૯૬ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની સમગ્ર ટીમ ૮૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતીય ટીમે આ મુકાબલો ૧૧૪ રનથી પોતાના નામે કર્યો. હવે ૨૦૨૬ એશિયન ગેમ્સની ફાઈનલમાં ભારતનો સામનો શ્રીલંકા સામે થશે, જેણે પ્રથમ સેમિફાઇનલમાં પાકિસ્તાનને ૮ વિકેટે હરાવ્યું હતું.

ભારત વર્તમાન ચેમ્પિયન તરીકે ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું છે. આ સતત બીજી વખત છે જ્યારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ચાર વર્ષ પહેલાં ૨૦૨૨ એશિયન ગેમ્સની ફાઈનલમાં ભારતે શ્રીલંકાને ૧૯ રનથી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. હવે ૨૦૨૬ એશિયન ગેમ્સમાં પણ એ જ ફાઈનલ ફરી જોવા મળશે. આ ફાઈનલ મુકાબલો ૨૨ સપ્ટેમ્બરે રમાશે.

ટીમ ઈન્ડિયા પ્રથમ બેટિંગ કરવા ઉતરી ત્યારે શેફાલી વર્માએ ૪૯ બોલમાં ૧૦૦ રન બનાવ્યા. આ મહિલા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં ભારત તરફથી સૌથી ઝડપી સદી છે. તેમના પહેલાં હરમનપ્રીત કૌરે પણ ૪૯ બોલમાં સદી ફટકારી હતી. આ જ મુકાબલામાં શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ T20 ક્રિકેટમાં પોતાના ૧૦૦ છગ્ગા પૂરા કર્યા. બીજી તરફ, મંધાના મહિલા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર પ્લેયર બની ગઈ છે. બાંગ્લાદેશ સામે ૧૯૬ રનનો વિશાળ લક્ષ્યાંક હતો, પરંતુ તેના બેટર્સ ભારતીય બોલિંગ સામે ટકી શક્યા નહીં. ભારતીય બોલરોએ બીજા ઓવરથી જ વિકેટ લેવાનું શરૂ કરી દીધું અને જોતજોતામાં ૧૫.૪ ઓવરની રમતમાં બાંગ્લાદેશના તમામ બેટર્સ ઓલઆઉટ થઈ ગયા.

દીપ્તિ શર્મા અને નંદિની શર્માએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. દીપ્તિએ ૨.૪ ઓવર બોલિંગ કરીને માત્ર ૭ રન આપ્યા. શ્રી ચરણી પણ ઘાતક સાબિત થઈ હતી, જેણે ૩ ઓવરમાં માત્ર ૭ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી.

હવે એશિયન ગેમ્સ ૨૦૨૬માં મહિલા ક્રિકેટ સ્પર્ધાની ગોલ્ડ મેડલ મેચ ૨૨ સપ્ટેમ્બરે ભારત અને શ્રીલંકા વચ્ચે રમાશે. બીજી તરફ, સેમિફાઇનલમાં હારેલી પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમો પાસે હજુ પણ મેડલ જીતવાની તક છે. ૨૨ સપ્ટેમ્બરે જ પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમો બ્રોન્ઝ મેડલ માટે આમને-સામને ટકરાશે.

## શેફાલી વર્માની તોફાની બેટિંગ: ૯ છગ્ગા અને ૪૯ બોલમાં સદી ફટકારી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૦:** એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ધમાકેદાર પ્રદર્શન કરીને ફાઈનલમાં પહોંચવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. ટૂર્નામેન્ટની બીજી સેમિફાઇનલમાં ભારતની સ્ટાર ઓપનર શેફાલી વર્માએ બાંગ્લાદેશી બોલરોની બરાબરની ધોલાઈ કરીને મેદાન પર ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ વરસાવી દીધો હતો. શેફાલીએ વિસ્ફોટક અંદાજમાં અણનમ સદી ફટકારીને આ મહત્વપૂર્ણ મેચમાં ટીમ ઈન્ડિયાને અત્યંત મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધી છે.

શેફાલી વર્માએ શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું અને બાંગ્લાદેશના બોલરોને જરાય સ્થિર થવા દીધા નહોતા. તેણે ૨૦૪.૦૮ની શાનદાર સ્ટ્રાઈક રેટ સાથે બેટિંગ કરતા માત્ર ૪૯ બોલમાં અણનમ 100* રન બનાવ્યા હતા. શેફાલીની આ ધમાકેદાર ઈનિંગમાં ૩ ચોગ્ગા અને ૯ ગગનચુંબી છગ્ગા સામેલ હતા.

**મહિલા T20I: એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓ**

લૌરા વોલ્વાર્ટ (દક્ષિણ આફ્રિકા) – ૮૨૪ રન (૨૦૨૬)

શેફાલી વર્મા (ભારત) – ૮૧૫ રન (૨૦૨૬)

નતાશા માઈલ્સ (હોંગકોંગ) – ૮૦૦ રન (૨૦૨૬)

ઈશા ઓઝા (UAE) – ૭૭૯ રન (૨૦૨૫)

યાસ્મિન દાસવાની (હોંગકોંગ) – ૭૭૯ રન (૨૦૨૬)

સ્મૃતિ મંધાના (ભારત) – ૭૬૩ રન (૨૦૨૪)

### ઉત્તર પ્રદેશમાં યુજીસી બિલના વિરોધમાં રાજકીય વાતાવરણ ગરમાયું

# UGC બિલના વિરોધમાં ભારે વિરોધ પ્રદર્શન, પોલીસ સાથે થયું ઘર્ષણ

### ઉત્તર પ્રદેશના આગ્રા અને ફિરોઝાબાદમાં યુજીસી બિલને લઈને ભારે વિરોધ પ્રદર્શન : બંને જિલ્લામાં મોટી સંખ્યામાં વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ફિરોઝાબાદ, તા. ૨૦**

રવિવારે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં યુજીસી બિલના વિરોધમાં રાજકીય વાતાવરણ ગરમાયું હતું. આગ્રાથી ફિરોઝાબાદ સુધી, સવર્ણ જાતિના સમુદાયના સભ્યો વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. આગ્રામાં ટ્રાફિક જામ અને ટ્રેક્ટર કૂચ જોવા મળી હતી, જ્યારે ફિરોઝાબાદના ગાંધી પાર્કમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. તેઓએ મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે ધરણા કર્યા હતા અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. બેરિકેડ તોડીને આગળ વધતાં, તેઓ પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. ઘર્ષણમાં ત્રણ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જો કે આની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અખિલ ભારતીય બ્રાહ્મણ મહાસભાના આહ્વાન પર, યુજીસી બિલનો વિરોધ કરવા માટે ગાંધી પાર્ક ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. તેઓએ ત્યાં સૂત્રોચ્ચાર કર્યા હતા. પછી, સૂત્રોચ્ચાર કરતા, વિરોધીઓ જિલ્લા મુખ્યાલય તરફ કૂચ કરી હતી. પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે વિવેકાનંદ સ્ક્વેર પર બેરિકેડ હટાવવા બાબતે ઝપાઝપી થઈ. પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો કે તેમનું મેમોરેન્ડમ છીનવી લેવામાં આવ્યું છે. પરિસ્થિતિના જવાબમાં, ચાર પોલીસ સ્ટેશનની પોલીસને ઘટનાસ્થળે બોલાવવામાં આવી. શહેર પોલીસ અધિક્ષક (SP)ની આગેવાની હેઠળ પોલીસ દળ ભીડને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસની કાર્યવાહીથી ગુસ્સે થઈને પ્રદર્શનકારીઓ વિવેકાનંદ સ્ક્વેર પર બેસી ગયા અને સૂત્રોચ્ચાર કર્યા. આ વિરોધ લાંબા સમય સુધી ચાલુ રહ્યો, જેના કારણે શહેરનો મેઈન રોડ બંધ થઈ ગયો હતો. વિરોધ પ્રદર્શન બાદ, ઘાયલોએ ગાંધી પાર્ક ખાતે ફરી પોતાનો વિરોધ શરૂ કર્યો. એવું જાણવા મળ્યું છે કે ઘાયલોમાંથી બેને જિલ્લા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

અહેવાલ છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન, પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો ત્યારે ઘર્ષણ થયું હતું. પોલીસ અને વહીવટી અધિકારીઓએ પ્રદર્શનકારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા. જો કે, પોલીસે કોઈક રીતે પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળતા મેળવી.

આ દરમિયાન, યુજીસી બિલનો વિરોધ કરવા માટે ટ્રેક્ટર સાથે લોકોનું ટોળું આગ્રામાં એકત્ર થયું. પોલીસ નાકાબંધી તોડીને લોકો પોતાના ટ્રેક્ટર ખેતરોમાં લઈ જવા લાગ્યા. આગ્રામાં, યુજીસી મુક્તિ મોરચાએ રવિવારે જાલેસર રોડ પર મુડી સ્ક્વેરથી કલેક્ટર કચેરી સુધી ટ્રેક્ટર કૂચ અને સભાનું એલાન કર્યું હતું. આ જાહેરાતને ધ્યાનમાં રાખીને, સમગ્ર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

યુજીસી મુક્તિ મોરચાના પ્રમુખ, નિવૃત્ત સીઓ ધર્મેન્દ્ર સિંહના નેતૃત્વમાં સવારથી જ ભીડ એકઠી થઈ રહી હતી. મુડી સ્ક્વેર ખાતે એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસે ટ્રેક્ટર કૂચને રોકવા માટે નાકાબંધી કરી હતી, પરંતુ કેટલાક વિરોધ પ્રદર્શન કરનારાઓએ નાકાબંધી તોડી અને ટ્રેક્ટરને ખેતરોમાં લઈ ગયા હતા.

## ગાઝિયાબાદમાં વેપારીઓએ 'નો યુપીઆઈ'ના બોર્ડ લગાવ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાઝિયાબાદ, તા. ૨૦**

ગાઝિયાબાદના વેપારીઓએ તેમના દુકાનોની બહાર નોટિસ લગાવવાનો પ્રારંભ કરી દીધો છે કે યુપીઆઇ પેમેન્ટ સ્વીકારાશે નહીં. તેઓએ ૧૫ ઓક્ટોબરથી ૨,૦૦૦ ઉપરના પ્રસ્તાવિત યુપીઆઈ વ્યવહારો પર લાદવામાં




આવેલી મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ચાર્જના વિરોધમાં આ બોર્ડ લગાવ્યા છે.

તેઓનું કહેવું છે કે સરકાર ભલે કહે કે એમડીઆરનો ચાર્જ મર્ચન્ટ આપશે, પરંતુ છેવટે તેનો અંતિમ બોજો તો ગ્રાહકો પર જ પડશે. વેપારીઓ ગ્રાહકોને સલાહ આપી રહ્યા છે કે તેઓ ૧૫ ઓક્ટોબરથી ૨,૦૦૦ રુપિયાની ખરીદી માટે રોકડ લઈને જ આવે.

પ્રસ્તાવિત એમડીઆર ગાઝિયાબાદમાં વેપારીઓ અને દુકાનદારો માટે ચર્ચાનો મહત્ત્વનો મુદ્દો બની શકે છે. તેનું કારણ એ છે કે ઘણા લોકોએ આ પગલાંનો વિરોધ કર્યો છે. વેપારીઓએ ગ્રાહકોને ચેતવણી આપી દીધી છે કે એક વખત ઊંચા મૂલ્યના ચાર્જ અસ્તિત્વમાં આવ્યા પછી યુપીઆઈ અહીં સ્વીકારવામાં નહીં આવે.

નવા માળખા હેઠળ બે હજાર રુપિયાથી વધુ રકમના પર્સન-ટુ-મર્ચન્ટ ટ્રાન્ઝેકશન પર ૦.૪ ટકા એમડીઆઈ ચાર્જ ૧૫ ઓક્ટોબરથી લાગશે. જ્યારે ૭૫ હજારથી વધુ રકમના સોદા પર રુ. ૩૦૦નો ચાર્જ લાગશે. જ્યારે વ્યક્તિઓ વચ્ચે યુપીઆઈ ચૂકવણી મફત રહેશે. આમ જો તમે દુકાનમાંથી ૧,૫૦૦ રુપિયાની વસ્તુ ખરીદી હોય તો તેના પર યુપીઆી ચાર્જ નહીં લાગે. એનપીસીઆઈના ઓગસ્ટના આંકડા દર્શાવે છે કે પીટુએમના ૮૬ ટકા યુપીઆઈ વ્યવહાર રુ. ૫૦૦થી નીચેના છે. જ્યારે ૫૦૧થી ૨૦૦૦ રુપિયા સુધીના વ્યવહારનું પ્રમાણ ૧૦ ટકા છે. આમ એમડીઆર ચાર્જ ફક્ત ચાર ટકા વ્યવહારો પર જ લાગશે.

### પાકિસ્તાન બાદ બાંગ્લાદેશનો વારો

## ફરક્કા જળ સંધિ અટકાવી અક્કલ ઠેકાણે લાવવા ભારતની તૈયારી



### ડિસેમ્બર ૨૦૨૬માં મુદત પૂરી થતા, ભારત રાષ્ટ્રીય હિતો અને રાજ્યોની જરૂરિયાત ધ્યાને લઈ નિર્ણય કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૦**

પાકિસ્તાન સાથેના સિંધુ જળ સમજૂતીને સ્થગિત કર્યા બાદ હવે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મહત્વપૂર્ણ ફક્કા જળ સંધિ પણ મોટા વિવાદના ઘેરામાં આવી ગઈ છે. આગામી ડિસેમ્બર ૨૦૨૬માં આ સંધિની મુદત પૂરી થઈ રહી છે, ત્યારે ભારત પોતાના રાષ્ટ્રીય હિતો અને રાજ્યોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેને આગળ વધારવા અંગે ગંભીર મંથન કરી રહ્યું છે. ખાસ કરીને બિહારમાં આ સંધિ સામે ભારે વિરોધના સુર ઉઠી રહ્યા છે, જેના કારણે કેન્દ્ર સરકાર પર પણ દબાણ વધ્યું છે.

બિહાર સરકાર અને શાસક પક્ષ જનતા દળ (યુનાઈટેડ) ના નેતાઓનું સ્પષ્ટ માનવું છે કે ફક્કા બેરેજની ખામીયુક્ત રચના અને તેના કારણે ગંગા નદીમાં મોટા પ્રમાણમાં જમા થતી માટી (Silt) ને કારણે નદીનો પ્રવાહ અને તળ ઊંચું આવી ગયું છે. આ પરિસ્થિતિના કારણે દર વર્ષે ચોમાસાની સિઝનમાં બિહારના મોટાભાગના વિસ્તારોમાં વિનાશક પૂરનું જોખમ ઊભું થાય છે, જ્યારે ઉનાળાની ઋતુમાં પાણીનું સ્તર ઘટી જવાથી તીવ્ર જળસંકટનો સામનો કરવો પડે છે. જદયુના નેતાઓએ સંસદમાં પણ આ મુદ્દો ભારપૂર્વક ઉઠાવ્યો છે અને માંગ કરી છે કે સંધિ નવીકરણ કરતા પહેલા વર્ષ ૨૦૫૦ સુધીની ગંગા બેસિનના રાજ્યોની પાણીની જરૂરિયાતોનો વ્યાપક અભ્યાસ કરવામાં આવે.

જદયુના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા અને પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે જણાવ્યું કે પૂર્વ મુખ્ય પ્રધાન નીતિશ કુમાર વર્ષોથી માટી પ્રબંધન અને ગંગાની અવિરલતાનો મુદ્દો ઉઠાવતા રહ્યા છે. અગાઉ સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ આ અંગે સ્પષ્ટતા કરી હતી કે સરકાર બિહારની સુરક્ષા અને જરૂરિયાતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને જ યોગ્ય નિર્ણય લેશે.

## દીવા પ્રગટાવવાના પૈસા છે, હોસ્ટેલ બનાવવાના કેમ નથી? : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૦**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા આશીર્વાદનો દીવો કાર્યક્રમને લઈને રાહુલ ગાંધીએ સરકાર પર કટાક્ષ કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, સરકાર પાસે દીવા પ્રગટાવવા માટે પૈસા છે, પરંતુ વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલ બનાવવા માટે પૈસા નથી. તેમણે મધ્યપ્રદેશના ઈન્દોરમાં યોજાયેલા 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમિયાન એક વિદ્યાર્થિનીએ રાહુલ ગાંધીને પોતાની સમસ્યા જણાવી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ અંગે પોતાની વાત રજૂ કરી છે. તેમણે કહ્યું છે, ''સરકાર પાસે દીવા પ્રગટાવવા માટે પૈસા છે, અમારી હોસ્ટેલ બનાવવા માટે કેમ નથી? આ સવાલ ગઈકાલે ઈન્દોરમાં એક વિદ્યાર્થિનીએ મને પૂછ્યો હતો. તે ગામડેથી અભ્યાસ કરવા શહેરમાં આવી છે. હોસ્ટેલ નથી, તેથી તેને PGમાં રહેવું પડે છે. માત્ર સુરક્ષિત રીતે રહેવા માટે જ લાખો રૂપિયા ખર્ચાઈ જાય છે.'' તેમણે કહ્યું કે, ''દર મહિને ભાડાની ચિંતા અને બેઘર થવાનો ડર-આવા માહોલ વચ્ચે જ અભ્યાસ કરવો પડે છે. ઘણી છોકરીઓએ રહેવાની યોગ્ય વ્યવસ્થા ન મળવાના કારણે અભ્યાસ પણ અધવચ્ચે છોડી દેવો પડે છે. અને આવાસ ભથ્થું (House Rent Allowance (HRA))? મોંઘવારી સાથે વધતું નથી, ઉપરથી ભ્રષ્ટાચારની ભેટ ચઢી જાય છે. PM નરેન્દ્ર મોદી જી, તે બાળકીના સવાલનો કોઈ જવાબ છે તમારી પાસે?''

રાહુલ ગાંધીએ કહ્યું કે, ''આ વ્યવસ્થા શું છે, વિદ્યાર્થી શું હોય છે, અને વ્યવસ્થા તેને કેવી રીતે દબાવી રહી છે? વિદ્યાર્થીના ભવિષ્યને વ્યવસ્થા પડકાર આપી રહી છે. યુવાનો દેશનું ભવિષ્ય છે અને યુવાનો વગર કોઈ પણ દેશ મજબૂત ન બની શકે. વિદ્યાર્થીમાં અલગ-અલગ ગુણ હોય છે. વિદ્યાર્થીમાં સૌથી મોટો ગુણ સવાલ પૂછવાનો હોય છે. વિદ્યાર્થીઓ કુદરતી રીતે સવાલ પૂછે છે અને જિજ્ઞાસુ હોય છે, અલગ-અલગ વિષયો પર સવાલ છે. વિદ્યાર્થીઓ મોહબ્બત-પસંદ હોય છે, તેઓ નફરત નથી કરતા, એક-બીજા સાથે પ્રેમથી વર્તે છે અને એક-બીજાનું સન્માન કરે છે. તેમનામાં માનવતાની ભાવના હોય છે.''

## સબસિડીવાળા એલપીજી માટે એક ઓક્ટોબર પહેલાં બીએએ ફરજિયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૦**

દેશમાં ઘરેલુ એલપીજી ગ્રાહકોએ સબસિડીવાળા સિલિન્ડર માટે એક ઓક્ટોબર પહેલા આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન (બીએએ) કરાવવું ફરજિયાત કરાયું છે. જે લોકો આ સમયમાં આધાર વેરિફિકેશન નહીં કરાવે તેમણે ઊંચી બજાર કિંમતે એલપીજી ગેસનો બાટલો ખરીદવો પડશે. સરકારે કહ્યું કે, એલપીજીનો સબસિડીવાળો બાટલો યોગ્ય પરિવારો સુધી પહોંચે તે નિશ્ચિત કરવા આ કાર્યવાહી હાથ ધરાઈ છે.

પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે જણાવ્યું કે, જે ગ્રાહકોએ આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરાવી લીધું છે તેમણે કોઈ વધુ કાર્યવાહી કરવાની જરૂર નથી. દેશમાં અત્યાર સુધીમાં ૨૭.૪૩ કરોડ સક્રિય ઘરેલુ એલપીજી ગ્રાહકોએ આધાર વેરિફિકેશન કરાવી લીધું છે, જે કુલ એલપીજી ગ્રાહકોના ૮૯.૯ ટકા જેટલા છે. જે એલપીજી ગ્રાહકોએ હજુ સુધી આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન નથી કરાવ્યું તેમને આ પ્રક્રિયા કરાવ્યા પછી જ સબસિડીવાળો એલપીજી બાટલો મળશે. જે ગ્રાહકો આધાર વેરિફિકેશન નહીં કરાવે તેમને એલપીજી બાટલો મળશે, પરંતુ તેમણે તે બજાર કિંમતે ખરીદવો પડશે તેમ મંત્રાલયે જણાવ્યું હતું. સબસિડીવાળા બાટલાનો કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ ટાળવા માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માત્ર યોગ્ય અને પાત્ર ગ્રાહકોને જ સબસિડીવાળા એલપીજી બાટલા મળશે.

## હવે તમારો જ વારો છે: મક્કા કરાર પાકિસ્તાન માટે ગળાનો ફાંસો બન્યો, હૂથીઓએ આપી સીધા હુમલાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા. ૨૦:** પાકિસ્તાન દ્વારા તુર્કીએ અને સાઉદી અરેબિયા સાથે મળીને બનાવવામાં આવેલું કથિત ઈસ્લામિક નાટો હવે પાકિસ્તાન માટે જ ગળાનો ફાંસો સાબિત થઈ રહ્યું છે. ગત ૭ ઓગસ્ટે સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કીએ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેને મક્કા પેક્ટ કહેવામાં આવે છે. આ કરાર મુજબ જો આ ત્રણેય દેશોમાંથી કોઈપણ એક દેશ પર હુમલો થાય, તો તેને ત્રણેય પર થયેલો હુમલો ગણવામાં આવશે અને સંયુક્ત પ્રતિક્રિયા આપવામાં આવશે. તુર્કીએ દ્વારા આ કરારને નાટો જેવો જ કરાર ગણાવવામાં આવ્યો હતો, જેના કારણે તેને ઈસ્લામિક નાટો તરીકે ઓળખવામાં આવે છે.

જોકે, આ કરાર પર સહી કર્યા બાદ પાકિસ્તાનની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. એક તરફ સાઉદી અરેબિયા વિરુદ્ધ યમનના હૂથી વિદ્રોહીઓના સતત હુમલાઓ પર પાકિસ્તાનની શંકાસ્પદ નિષ્ક્રિયતાને કારણે આખી દુનિયામાં તેની આલોચના થઈ રહી છે, તો બીજી તરફ હૂથીઓએ પાકિસ્તાન અને તુર્કીએને પણ સીધા હુમલાની ખુલ્લી ધમકી આપી દીધી છે. હૂથી નેતા અલ બુખૈતીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈસ્લામાબાદ અને અંકારા આ યુદ્ધમાં સૈન્ય દખલ કરશે, તો તેમના પર પણ સીધા પ્રહારો કરવામાં આવશે. અમેરિકાના પૂર્વ સુરક્ષા સલાહકાર લેફ્ટનન્ટ જનરલ એચ.આર. મેકમાસ્ટરે પણ આ મક્કા કરાર પાછળ પાકિસ્તાનના ઈરાદાઓ શંકાસ્પદ હોવાનું જણાવ્યું છે.

બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હૂથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા વિરુદ્ધ સંઘર્ષ વધુ તીવ્ર બનાવીને નવો મોરચો ખોલી દીધો છે. તાજેતરમાં જ હૂથીઓએ બેલિસ્ટિક મિસાઈલ દ્વારા સાઉદીની રાજધાની રિયાધ તેમજ યનબુમાં આવેલા અરામકોના તેલ સંસ્થાપનો અને અન્ય અસૈન્ય માળખાને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને સાઉદી ગઠબંધને નિષ્ફળ બનાવ્યો હતો. અગાઉ પાકિસ્તાને ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ કરાવીને શાંતીદૂત બનવાના નિરર્થક પ્રયાસો કર્યા હતા. આમ, પોતાની કૂટનીતિ અને મક્કા કરારના માધ્યમથી પોતાની વિદેશ નીતિ ચમકાવવા જનાર પાકિસ્તાન માટે આ સ્થિતિ હવે મુસીબતનું ઘર બની ગઈ છે.

# અદાણી પાવરના ૩૨૦૦ મેગાવોટ ક્ષમતાના આસામ પ્રકલ્પનો મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માના હસ્તે શિલાન્યાસ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) **સુરત, તા.૨૦**

આસામના મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા શર્માએ લોઅર આસામના ધુબરી જિલ્લાના ચાપાર ખાતે અદાણી પાવર લિ. (APL) દ્વારા નિર્માણ થનારા ૩,૨૦૦ મેગાવોટ ક્ષમતાના અલ્ટ્રા-સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ (USTPP)નો આજે શિલાન્યાસ કર્યો હતો.

રૂા.૪૮,૦૦૦ કરોડનું રોકાણ ધરાવતા આ પ્રકલ્પના કારણે આસામની વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો થવા સાથે નિર્માણના તબક્કામાં ૨૦,૦૦૦ અને પ્લાન્ટ કાર્યરત થયા બાદ અંદાજે ૫,૦૦૦ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે, શિલાન્યાસ સમારોહમાં આસામ સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સ્થાનિક સમુદાયના જન-તિનિધિઓ અને અદાણી સમૂહના ડિરેક્ટર શ્રી જીત અદાણી ઉપસ્થિત રહ્યા હતા.

આસામમાં વિવિધ ક્ષેત્રમાં કરવામાં આવી રહેલા રૂા.૬૩,૦૦૦ કરોડના પાવર રોકાણનો ચાપાર પ્લાન્ટ એક ભાગ છે, આ પ્લાન્ટ ડિસેમ્બર ૨૦૩૦થી તબક્કાવાર કામ કરતો થશે. આસામમાં વિવિધ ક્ષેત્રોમાં થઇ રહેલા કુલ રૂા. ૮૦,૦૦૦ કરોડથી વધુના પ્રકલ્પો પ્રતિબદ્ધતાના તબક્કામાંથી હવે અમલીકરણના તબક્કામાં પ્રયાણના માર્ગે છે તેના પરિણામરૂપે આગામી ત્રણથી ચાર વર્ષમાં સમગ્ર આસામમાં રોજગારીની તકો, માળખાગત સુવિધાઓ અને નવી આર્થિક તકોનું સર્જન થશે. ઉપરાંત આ થર્મલ પાવર પ્રકલ્પથી સ્થાનિક કોન્ટ્રાક્ટરો, સપ્લાયર્સ, ટ્રાન્સપોર્ટ ઓપરેટરો સહિતના ક્ષેત્રોમાં આનુષાંગિક સેવાઓ પૂરી પાડનારાઓ માટે પણ નવી તકોની દીશા ખોલશે, આ કારણે તેઓ આસામમાં અદાણી સમૂહની વિસ્તરતી વેન્ડર ઈકોસિસ્ટમનો હિસ્સો બની રાજ્યની વિકાસ કૂચમાં શામેલ થઇ શકશે.

આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી ડૉ.હિમંત બિસ્વા સરમાએ જણાવ્યું હતુ કે આસામનું આ ક્ષેત્ર ઊર્જા હબ તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે અને અનેક મોટા ઊર્જા પ્રકલ્પોનના નિર્માણના કામો પાઈપલાઈનમાં છે. ૩૨૦૦ મેગાવોટ ક્ષમતાનો ' ચાપર' 'પ્રકલ્પ' એડવાન્ટેજ આસામ રોકાણ શિખર ૨.૦ દ્વારા સ્થપાયેલા વિશ્વાસની ગૌરવપૂર્ણ ફળશ્રુતિ છે એમ જણાવી તેમણે કહ્યું હતું કે લગભગ રૂા.૪૮,૦૦૦ કરોડના રોકાણ સાથેનો આ પ્રકલ્પ આસામમાં એક જ ક્ષેત્રમાં કરવામાં આવેલા સૌથી મોટા એકલ રોકાણોમાંનો એક બની રહેશે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રોજગારીની વિશાળ તકોના નિર્માણ ઉપરાંત રાજ્યની આર્થિક ગતીવિધીઓમાં વધારો અને SGSTની આવકમાં વૃદ્ધિથી પણ લાભ મળવા સાથે સ્થાનિક ઉદ્યોગો અને સાહસોને ઉભરતી ઈકોસિસ્ટમમાં ભાગ લેવાની તકો મળશે.

આજે આસામ માટે એક મહત્વપૂર્ણ નવા અધ્યાયનો આરંભ થવાનો ઉલ્લેખ કરી અદાણી સમૂહના ડિરેક્ટર શ્રી જીત અદાણીએ કહ્યું હતું કે, રૂા.૪૮,૦૦૦ કરોડના રોકાણથી નિર્માણ થનારા અદાણી પાવરના ૩,૨૦૦ મેગાવોટની ક્ષમતાના થર્મલ પાવર પ્રકલ્પથી ઘરો, વ્યવસાયો અને ઉદ્યોગોને આધાર આપવા માટે વિશ્વસનીય અને સસ્તી વીજળી ઉપલબ્ધ થશે. વિકાસ ઝંખતા આસામમાં રોકાણ અને રાજ્યના આર્થિક વિકાસનો હિસ્સો બનવાનું ગૌરવ વ્યક્ત કરતા જીત અદાણીએ કહ્યું હતું કે આસામમાં રોજગારીનું સર્જન તેમજ સ્થાનિક કોન્ટ્રાક્ટરો, સપ્લાયર્સ અને વ્યવસાયો માટે તકો ખોલનારો આ એક બહુલક્ષી પ્રકલ્પ બની રહેશે. તેમણે આસામના વિશિષ્ટ ભૌગોલિક સ્થાનનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે આ રાજ્યની ક્ષમતા ભારત માટે 'બેટરી' બનાવી શકવા સાથે તેના ભાવિ વિકાસને ઊર્જા પૂરી પાડી શકે છે.

અલ્ટ્રા-સુપરક્રિટિકલ ટેક્નોલોજીના ઉપયોગ સાથેના ચાપર પ્લાન્ટમાં ૮૦૦ મેગાવોટના ચાર એકમો હશે જેમાં ઉચ્ચ-કાર્યક્ષમતા ધરાવતી સિસ્ટમ્સ અને આધુનિક પર્યાવરણીય સુરક્ષા વ્યવસ્થાઓ શામેલ છે.

ચાપર પ્લાન્ટ માટે લગભગ રૂા..૪૮,૦૦૦ કરોડ અને અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL) દ્વારા ૨,૭૦૦ મેગાવોટની સંયુક્ત ક્ષમતા ધરાવતા બે પમ્પ્ડ સ્ટોરેજ પ્લાન્ટ્સમાં અંદાજે રૂા.૧૫,૦૦૦ કરોડ મળી કુલ રૂા.૬૩,૦૦૦ કરોડનું પાવર ક્ષેત્રે રોકાણ થશે. વધુમાં રાજ્યના વીજ વિતરણ માળખાના આધુનિકીકરણમાં મદદરૂપ થઈ રહ્યા. રાજ્યના વીજ વિતરણ માળખાના આધુનિકીકરણમાં મદદરૂપ થઈ રહેલો સ્માર્ટ મીટરિંગ પ્રકલ્પ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.(AESL) આગળ વધારી રહી છે.

વધુમાં એવિએશન અને સિમેન્ટ ક્ષેત્રે પણ અદાણી સમૂહ આસામમાં નોંધપાત્ર રોકાણ કરવાની વ્યક્ત કરેલી પ્રતિબદ્ધતામાં શામેલ ગુવાહાટી સ્થિત લોકપ્રિય ગોપીનાથ બારદોલોઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૨ ગત ૨૨મી ફેબ્રુઆરીએ કાર્યરત થયું છે. તેના કારણે રાજયની કનેક્ટિવિટી તથા રાજયમાં ઔદ્યોગિક વિકાસની રફતારને મજબૂતી મળી છે.

અદાણી સમૂહની સામાજિક-આર્થિક અને વિકાસલક્ષી જવાબદારીઓ અદા કરતી મહત્વની પાંખ 'અદાણી ફાઉન્ડેશન' દ્વારા અપર આસામના શિવસાગર અને ધેમાજી જિલ્લાઓમાં પૂરથી પ્રભાવિત ૮,૦૦૦થી વધુ પરિવારોને ખોરાક, દવાઓ તેમજ સ્વચ્છતા અને આરોગ્ય જાળવણી માટેની સામગ્રી પૂરી પાડવામાં આવી છે. અદાણી ફાઉન્ડેશન આસામના પાટનગર ગુવાહાટીની આસપાસના કામરૂપ ગ્રામીણ જિલ્લાના ૧૯ ગામોમાં શિક્ષણ, આરોગ્યસંભાળ, આજીવિકા, સામુદાયિક માળખાગત સુવિધાઓ અને આબોહવા પરિવર્તન સંબંધી કામગીરી કરી રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૫માં, ૩,૨૦૦ મેગાવોટ ક્ષમતાનો પાવર પ્લાન્ટ સ્થાપવા માટેની સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયામાં APL સફળ બિડર તરીકે ઉભરી આવ્યા બાદ નવેમ્બર ૨૦૨૫માં તેને આસામ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિ. (APDCL) તરફથી કામકાજની સોંપણીનો પત્ર 'લેટર ઓફ એવોર્ડ' મળ્યો હતો.

# વંદે ભારત એક્સપ્રેસનો અદ્‌ભુત વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં

## ઝારખંડના લીલાછમ જંગલોમાં સાપની જેમ ભાગતી વંદે ભારત ટ્રેનનો અદ્‌ભુત વીડિયો રેલવે મંત્રીએ શેર કર્યો



(સંપૂર્ણ સમાચાર સેવા) **રાંચી, તા.૨૦**

ઝારખંડને કુદરતનું ઘર કહીએ તો પણ ખોટું નહીં પડે. ચારે તરફ લીલાછમ જંગલો, ઊંચા-ઊંચા પહાડો, ખળખળ વહેતી નદીઓ, પાણીથી છલોછલ ડેમ અને જંગલો વચ્ચેથી પસાર થતી રેલવે લાઈન-ફોરલેન રસ્તાઓનો નજારો ખરેખર મનમોહક છે. હવે ઝારખંડની આ જ કુદરતી સુંદરતામાંથી પસાર થતી વંદે ભારત એક્સપ્રેસનો અદભુત વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ઝારખંડની હરિયાળી અને પહાડોની સુંદરતા દર્શાવતો ડ્રોન વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. વીડિયોમાં નારંગી રંગની વંદે ભારત એક્સપ્રેસ લીલાછમ જંગલો વચ્ચેથી પસાર થતી જોવા મળે છે. ક્યાંક ટ્રેન પહાડોની વચ્ચેથી વળાંક લે છે તો ક્યાંક સુરંગમાંથી બહાર નીકળતી નજરે પડે છે. ઉપરથી લેવામાં આવેલા આ દૃશ્યો ટ્રેનની સાથે ઝારખંડની કુદરતી સુંદરતાને પણ ખાસ રીતે રજૂ કરે છે.

આ વીડિયો સોશિયલ મીડિયા પર લોકોને ખૂબ પસંદ આવી રહ્યો છે.

ફિલ્મ અભિનેતા અનૂપમ ખેરે પણ રેલવે મંત્રીની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી છે. તેમણે વીડિયો જોઈને 'મિર્ઝૈંઅ' લખીને પોતાની પ્રશંસા વ્યક્ત કરી છે. ડ્રોનથી શૂટ કરવામાં આવેલા આ વીડિયોમાં વંદે ભારતની ઝડપ અને ઝારખંડના જંગલો-પહાડોનો નજારો એકસાથે જોવા મળે છે.

અશ્વિની વૈષ્ણવે ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પોતાના સત્તાવાર એક્સ હેન્ડલ પરથી કર્ણાટકનો એક ડ્રોન વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં પશ્ચિમ ઘાટના સાકલેશપુર—સુબ્રમણ્ય રોડ એટલે કે શિરાડી ઘાટ સેક્શનમાં વંદે ભારત એક્સપ્રેસ લીલાછમ જંગલો વચ્ચે વળાંક લેતી દોડતી જોવા મળી હતી.

આ વીડિયોને શેર કરતી વખતે રેલવે મંત્રીએ 'New age trains! Make more in India.' લખ્યું હતું. ડ્રોન કેમેરાથી ઉપરથી લેવામાં આવેલા દૃશ્યમાં ટ્રેનના વળાંકોને કારણે તે જાણે જંગલોની વચ્ચે સાપની જેમ આગળ વધી રહી હોય તેવું લાગી રહ્યું હતું.

હવે ઝારખંડના જે વીડિયો સામે આવ્યો છે તે રાંચી-બરકાકાના-હજારીબાગ રેલવે લાઈન પર ડ્રોનથી શૂટ કરવામાં આવ્યો છે. વીડિયોમાં વંદે ભારત એક્સપ્રેસ જંગલો અને પહાડોની વચ્ચેથી પસાર થતી જોવા મળે છે. એક તરફ આધુનિક વંદે ભારત ટ્રેન અને બીજી તરફ ઝારખંડની કુદરતી હરિયાળીનો સંગમ આ વીડિયોને ખાસ બનાવે છે.

## મુવી ન્યુઝ

### છઠીમૈયા ગીતના શૂટ વખતે ભાવુક થઈ તમન્ના

# 'ધ વિવાન'ના ટ્રેલર લૉન્ચમાં તમન્નાએ સિદ્ધાર્થ માટે બનાવ્યો નવો શબ્દ 'હેન્ડસમ-તા'



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

મુંબઈમાં યોજાયેલા 'ધ વિવાન'ના ટ્રેલર લૉન્ચમાં ફિલ્મની જોડી સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયા ચર્ચામાં રહી હતી. એક તરફ તમન્નાએ સિદ્ધાર્થના વ્યક્તિત્વ અને તેના સેટ પરના વર્તનના વખાણ કર્યા, તો બીજી તરફ ફિલ્મના 'છઠ્ઠી મૈયા' ગીત અને છઠ્ઠ પૂજા પરંપરા સાથેનો પોતાનો અનુભવ પણ શેર કર્યો. સિદ્ધાર્થ તરફ ઈશારો કરતાં તમન્નાએ હળવા અંદાજમાં તેના માટે 'હેન્ડસમતા' શબ્દ બનાવ્યો. તેણે કહ્યું, ''હેન્ડસમતાનું જે ટાઇટલ છે, જે હેન્સમનેસ બતાવે છે, તેની સાથે કામ કરવાની મને તક મળી!'' ત્યારબાદ તેણે સિદ્ધાર્થના સેટ પરના વર્તનના વખાણ કરતાં કહ્યું કે બે દાયકાથી ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કામ કર્યા બાદ પણ સિદ્ધાર્થની ફુંફ અને શિષ્ટતાએ તેને પ્રભાવિત કરી છે. તેનાં મતે સિદ્ધાર્થ માત્ર દેખાવમાં ડેશિંગ નથી, પરંતુ વ્યક્તિ તરીકે પણ ખૂબ સારો છે.ફિલ્મના 'છઠ્ઠી મૈયા' ગીત અંગે પણ તમન્નાએ વાત કરી હતી. હિન્દી ફિલ્મોમાં છઠ્ઠ પૂજાનું પ્રમાણમાં ઓછું જોવા મળતું ચિત્રણ આ ગીતની ખાસિયત છે. મુંબઈમાં મોટી થયેલી તમન્નાએ કહ્યું કે તે દર વર્ષે જુહુ બીચ પર છઠ્ઠ પૂજા માટે એકઠી થતી ભીડ જોતી હતી, પરંતુ આ તહેવારની પરંપરા અને



વિધિ વિશે તેને શૂટિંગ દરમિયાન વધુ જાણકારી મળી.તેણે કહ્યું, ''મને ખબર પડી કે આ બહુ કઠીન વ્રત છે. ૩૬ કલાક સુધી લોકો પાણી વિના રહીને છઠ્ઠી મૈયાની પ્રાર્થના કરે છે.'' તમન્નાએ ઉગતા સૂર્યની સાથે અસ્ત થતા સૂર્યને પણ આપવામાં આવતા સમાન મહત્વનો ઉલ્લેખ કરતાં તેને બિહારી સંસ્કૃતિનો સુંદર ભાગ ગણાવ્યો. 'છઠ્ઠી મૈયા'ના સિક્વન્સનું શૂટિંગ કરતી વખતે પોતાની આંખોમાં આંસુ આવી ગયા હોવાનું પણ તમન્નાએ જણાવ્યું. તેણે કહ્યું, ''મને ખબર નથી કેમ, પરંતુ હું ભાવુક થઈ રહી હતી. અમે કલાકારો ઘણી વખત માત્ર એક માધ્યમ બની જઈએ છીએ. ફિલ્મોનો હેતુ જ લોકોને કંઈક અનુભવ કરાવવાનો છે.'' ટ્રેલર લૉન્ચમાં એકતા કપૂર, દીપક મિશ્રા, અરુણાભ કુમાર, અનુપ સોની, સુનીલ ગ્રોવર, મનીષ પૉલ અને શ્વેતા તિવારી સહિતની ટીમ હાજર રહી હતી. 'ધ વિવાન' ૨૫ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ કર્ણાટકને સમર્પિત' : અનંત નાગ


(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

દિગ્ગજ કન્નડ અભિનેતા અનંત નાગે પોતાને મળનારા દાદાસાહેબ ફાળકે એવોર્ડ કર્ણાટકના લોકો અને રાજ્યની ફિલ્મ સંસ્કૃતિને સમર્પિત કર્યો છે. તેમના મતે, કર્ણાટકના ફિલ્મકારો, કલાકારો અને ખાસ કરીને દર્શકોના સહયોગને કારણે તેઓ આર્ટ ફિલ્મોથી લઈને કમર્શિયલ સિનેમા સુધી વિવિધ પ્રકારનું કામ કરી શક્યા. તેમણે કહ્યું કે આ પ્રકારની કારકિર્દી અન્ય કોઈ રાજયમાં કદાચ શક્ય ન બની હોત.૭૭ વર્ષીય અનંત નાગે કર્ણાટકના દર્શકોને ''ખૂબ જ શિક્ષિત અને પારખુ'' ગણાવ્યા.



તેમના જણાવ્યા મુજબ રાજ્યના નિર્માતા, દિગ્દર્શક, અભિનેતા-અભિનેત્રીઓ અને દર્શકોના સાંસ્કૃતિક વાતાવરણે તેમની કારકિર્દીને આકાર આપ્યો. ૧૯૪૮માં ઉત્તર કન્નડ જિલ્લાના શિરાલીમાં જન્મેલા અનંત નાગ ૧૨ વર્ષની ઉંમરે મુંબઈ ગયા હતા. કોલેજના સમયમાં તેમણે બેંકમાં નોકરી પણ કરી હતી. ૧૮ વર્ષની ઉંમરે રંગમંચ સાથે જોડાયા અને લગભગ પાંચ વર્ષ થિયેટરમાં કામ કર્યા બાદ ફિલ્મોમાં પ્રવેશ કર્યો.૧૯૭૩થી ફિલ્મી કારકિર્દી શરૂ કરનાર અનંત નાગે પાંચ દાયકામાં ૨૦૦થી વધુ કન્નડ ફિલ્મોમાં કામ કર્યુ છે. તેઓ દિવંગત અભિનેતા-દિગ્દર્શક શંકર નાગના નાના ભાઈ છે.અનંત નાગને ૨૦૨૫માં પદ્મ ભૂષણથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા, જે તેમણે કર્ણાટકના લોકોને સમર્પિત કર્યુ હતું. હવે દાદાસાહેબ ફાળકે એવોર્ડ પણ તેઓ રાજ્યને અર્પણ કરશે. ૨૨ સપ્ટેમ્બરે યોજાનાર ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહમાં તેમને આ સન્માન એનાયત કરવામાં આવશે. દાદાસાહેબ ફાળકે એવોર્ડ ભારતીય સિનેમાના વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ આપવામાં આવે છે. એવોર્ડમાં સ્વર્ણ કમલ ચંદ્રક, શાલ અને ૧૦ લાખનું રોકડ ઇનામ સામેલ છે.

# ઓસ્કાર માટે મરાઠી ફિલ્મ 'ગોંધળ'ની ઓફિશિયલ એન્ટ્રી!






(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**

મુંબઈમાં થયેલી સત્તાવાર જાહેરાત અનુસાર ૯૯મા એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કાર) માટે ભારત તરફથી મરાઠી ફિલ્મ 'ગોંધળ'ને ઓફિશિયલ એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. ફિલ્મ ફેડરેશન ઑફ ઇન્ડિયાની જ્યુરી દ્વારા દેશભરની ૩૩ ફિલ્મોની સ્પર્ધામાંથી ડિરેક્ટર સંતોષ દવખરની આ ફિલ્મને સર્વાનુમતે પસંદ કરવામાં આવી છે. આ વર્ષે ઓસ્કારની રેસમાં દેશભરમાંથી આવેલી ૩૩ પ્રમુખ ફિલ્મો સામેલ હતી, જેમાં 'બોર્ડર ૨', 'ધુરંધર', 'ઈક્કીસ' અને 'અંગ' જેવી દાવેદાર ફિલ્મોનો સમાવેશ થતો હતો. ફિલ્મમેકર શેષાદ્રીની આગેવાની હેઠળની ૧૪ સભ્યોની પસંદગી સમિતિએ તમામ પાસાઓની ચકાસણી બાદ ભારતીય સંસ્કૃતિ, સંગીત અને શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફીને ધ્યાને રાખીને 'ગોંધળ' પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.આ ફિલ્મ મહારાષ્ટ્રની પરંપરાગત લોક વિધિ 'ગોંધળ' પર આધારિત છે, જે આખી રાત ચાલતી સંગીત, નૃત્ય અને પૌરાણિક વાર્તાઓ સાથે જોડાયેલી રસ્મ છે. એક લગ્નના ઉત્સવથી શરૂ થતી આ વાર્તા ધીમે-ધીમે ઈર્ષ્યા, વાસના, વિશ્વાસઘાત અને ગામડાના દબાયેલા આંતરિક સંઘર્ષના ગંભીર વળાંકો લે છે. ફિલ્મનું પ્રીમિયર ગોવા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું, જ્યાં તેણે સ્પેશિયલ જ્યુરી રિકગ્નિશન માટે સિલ્વર પીકોક ઍવૉર્ડ મેળવ્યો હતો.આ સાથે જ 'ગોંધળ' ઓસ્કાર માટે ભારતની સત્તાવાર એન્ટ્રી બનનારી ચોથી મરાઠી ફિલ્મ બની ગઈ છે. ભારત તરફથી એન્ટ્રી મળ્યા પછી હવે એકેડેમી દ્વારા ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરી માટે વોટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ૯૯મા એકેડેમી ઍવૉર્ડ્સ સમારોહનું આયોજન ૧૪ માર્ચ ૨૦૨૭ના રોજ થવાનું છે.

# સૂર્યા-જ્યોતિકાએ લગ્નનાં ૨૦ વર્ષ બાદ ફરી લીધાં 'વેડિંગ વાઉઝ'

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૦**



સાઉથ સિનેમાના જાણીતા કલાકાર સૂર્યા અને જ્યોતિકાએ લગ્નજીવનના ૨૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ફરી એકવાર લગ્નના વચનો લીધાં છે. કપલે સોશિયલ મીડિયા પર વાઉઝ રિન્યુઅલ સેરેમનીનો એક વીડિયો શેર કર્યો છે. આ પ્રસંગે જ્યોતિકાએ તેનાં બે દાયકાના સંબંધને 'પરફેક્ટ મેરેજ'ને બદલે પ્રેમ, સમજણ, સમાધાન અને સતત થતા પરિવર્તનની સફર ગણાવી હતી.જ્યોતિકાએ લખ્યું, ''આ અમારા પ્રેમ અને સંઘર્ષના ૨૦ વર્ષની ઉજવણી છે. આ પરફેક્ટ મેરેજની ઉજવણી નથી, પરંતુ અપૂર્ણતા, એડજસ્ટમેન્ટ, સમજણ, બલિદાન અને એકબીજાને નિઃસ્વાર્થ પ્રેમ કરવાની ઉજવણી છે. આ 'અમે'ની ઉજવણી છે.''તેણે સૂર્યા માટે પોતાનાં વચનો પણ શેર કર્યા. જ્યોતિકાએ જીવનના સકારાત્મક પાસાં જોવાની, દરેક ક્ષણની ઉજવણી કરવાની અને મળેલા જીવન તથા પરિવાર માટે આભાર માનવાની વાત કરી. બાળકો અને પરિવારને લઈને તેણે કહ્યું કે તે એક સારી માતા બનવાનું વચન આપે છે અને તેનાં બાળકો માટે એવી ખુશીનું કારણ બનવા માગે છે કે તેઓ માતા-પિતાની સાથેની સફરને ફરી જીવવા ઇચ્છે. જ્યોતિકાએ સ્વાસ્થ્યને જીવનની સાચી સંપત્તિ ગણાવતાં પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાનું પણ વચન આપ્યું. સાથે જ તેણે પોતાને 'અપૂર્ણ પત્ની' તરીકે સ્વીકારી, જે ક્યારેક પતિ સાથે ઝઘડે છે, પછી સમાધાન કરે છે અને દરેક વખતે સંબંધને વધુ નજીકથી સમજવાનો પ્રયાસ કરે છે.તેનાં મતે, તેનાં સંબંધમાં મિત્રતા સૌથી મહત્ત્વની છે. તેણે સૂર્યાને પોતાનો સમકક્ષ, વિશ્વાસુ, ગોસિપ પાર્ટનર અને બેસ્ટ ફ્રેન્ડ ગણાવ્યો.

## પારડી હવે વધુ સુરક્ષિત...

# પીએસઆઈ જે.એચ. શાહના વડપણ હેઠળ મહિલા, બાળકો અને સિનિયર સિટીઝનો માટે મહિલા પોલીસની ટીમ તૈયાર



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા. ૨૦**

પારડી પોલીસ દ્વારા નગરના લોકોની સુરક્ષા માટે મહિલા પીએસઆઈ જે.એચ.શાહના વગપણ હેઠળ એક સી ટીમની રચના કરી પારડી વિસ્તારમાં જ્યાં પણ મોટી સંખ્યામાં કોઈપણ કાર્યક્રમ હેઠળ મહિલાઓ બાળકો અને સિનિયર સિટીઝનો મોટી સંખ્યામાં ભેગા થતા હોય ત્યાં પહોંચી તપાસ પૂછપરછ કરી કોઈપણ સમસ્યા હોય તો દૂર કરી તેઓને સુરક્ષા પૂરી પાડશે.

પારડી ધીરુભાઈ સત્સંગ હોલ ખાતે ચાલી રહેલ ગરબા તેમજ નાના બાળકો ભેગા થયા હોય ત્યાં પારડી પોલીસ સ્ટેશનના મહિલા એએસઆઈ શર્મિલાબેન સહિત સોનલબેન, વૈશાલીબેન, હેમલત્તાબેન, તૃપ્તિબેન, વૈશાલીબેન આવો પહોંચી જઈ સુરક્ષા અંગેની તપાસ કરવામાં આવી હતી.

# વાપી ચણોદ કોલોનીમાં અષ્ટ વિનાયક મિત્ર મંડળે ટીસ્યુ ગણપતિની સ્થાપના કરી પર્યાવરણ જાળવણીનો સંદેશો આપ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપી સહિત વલસાડ જિલ્લામાં આસ્થાપૂર્વક ગણેશ મહોત્સવ ચાલી રહ્યો છે. ગણેશ મહોત્સવ પરંપરાગત નથી રહ્યો પરંતુ અનેક થીમ સાથે ટેક્નોલોજી સાથે વિજ્ઞાનનો સમન્વય પણ જોવા મળે છે. વાપી વલસાડમાં ગણેશ મંડળો દ્વારા અદભૂત થીમો પ્રદર્શિત થઈ છે. ક્યાંક નવરાત્રિ ગરબા ક્યાંક દમણ બીચ તો ક્યાંક ધાર્મિક પ્રસંગો ક્યાક હોરર પૌરાણિ પંડાલો જોવા મળી રહ્યા છે.

વાપી ચણોદ કોલોનીમાં કેવળ ટીસ્યુ પેપરના ગણપતિજી બિરાજમાન કરી મંડળે ઈકો ફ્રેન્ડલી ગણેશ મહોત્સવમાં આયોજન કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં આવ્યો છે.

વાપી ચણોદ કોલોનીમાં અષ્ટ વિનાયક મિત્ર મંડળ દ્વારા સ્થાપવામાં આવેલ બાપ્પાની મુર્તિ કેવળ ટીસ્યુ પેપરથી બનાવેલી છે. આ મૂર્તિ ખાસ મુંબઈમાં તૈયાર કરાઈ હતી. ઈકોફ્રેન્ડલી પર્યાવરણની જાળવણીનો સંદેશ ભક્તોને મંડળે આપ્યો છે. દાદાની પ્રતિમાનું વિસર્જન પણ પંડાલમાં કરવામાં આવે નદી કે તળાવમાં નહી સાદગીપૂર્વક વિસર્જન કરાશે તેવું મંડળે જણાવ્યું હતું.

# પારડી સાંઈ ગણેશ યુવક મંડળ દ્વારા શરબત વિતરણ કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૦**

કિલ્લા પારડી શહેરમાં સાંઈ ગણેશ યુવક મંડળ દ્વારા સાત દિવસના શ્રીજી વિસર્જન યાત્રા દરમિયાન શ્રીજી ભક્તો માટે શરબત વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ સાંઈ ગણેશ યુવક મંડળના અંકિતભાઈ પટેલ, જયેશભાઈ હળપતિ, મીહીરભાઈ ટેલર, મનોજભાઈ હળપતિ, કાળીદાસ હળપતિ, નિકેત ટેલર, ધર્મેન્દ્રભાઈ મોર્યા, મયુરભાઈ રાઠોડની સાથે યુવા કાર્યકરો તેમજ સાંઈ ગણેશ યુવક મંડળની મહિલા કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નગર સદસ્યશ્રી વનિતાબેન કપિલકુમાર હળપતિ તેમજ પારડી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખશ્રી કપિલકુમાર કાંતિભાઈ હળપતિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**(છેલ્લા પાનાનું ચાલુ)**
**પારડીની તાજ બેકરી...**

શિડ્યુલ-૪ હેઠળ નિર્ધારિત સેનિટરી અને હાઈજિનના મૂળભૂત નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ બેદરકારી જાહેર જનતાના આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે તેમ હોવાથી તંત્ર દ્વારા પેઢીને સુધારણા નોટિસ ફટકારવામાં આવી છે. સાથે જ જ્યાં સુધી તમામ ખામીઓ દૂર કરવામાં ન આવે અને જરૂરી દસ્તાવેજોની પૂર્તતા ન થતાય, ત્યાં સુધી માલિક દ્વારા સ્વેચ્છાએ પેઢીનું સંચાલન બંધ રાખવામાં આવ્યું છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતી આવી અસુરક્ષિત ખાદ્યચીજોનું વેચાણ અટકાવવા માટે વહીવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ સઘન તપાસ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે એવું ફૂડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર આશિષ વળવીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**
**કપરાડામાં ભગતમિત્રો...**

એન્ટી સ્નેક વેનોમ વિશિષ્ટ સારવાર ઉપલબ્ધ છે. જેથી વહેલી તકે દર્દીને હોસ્પિટલ પહોંચાડવાનું સૌથી મહત્વનું પગલું છે.

વધુમાં તેમણે ભગતમિત્રોને અપીલ કરતા કહ્યું કે, જો કોઈને સાપ કરડે અને તમારી પાસે આવે તો તમે જરા પણ સમય બગાડશો નહી, દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં મદદ કરજો. આપનો આ નિર્ણય દર્દીનું અમૂલ્ય જીવન બચાવી શકે છે. ડબલ્યુ.એચ.ઓ પણ નોંધ લે છે કે, સર્પદંશના ઘણા દર્દીઓ હોસ્પિટલ સુધી પહોંચતા પહેલા પરંપરાગત ઉપચાર લે છે, જેના કારણે સારવારમાં વિલંબ થતા જીવ ગુમાવે છે. શ્રધ્ધા રાખો પણ કોઈ વ્યક્તિના જીવનનો સવાલ હોય ત્યારે હોસ્પિટલમાં સારવારમાં વિલંબ ન કરો.

ભગતમિત્રોને પોતાની ભૂમિકા બદલવા નહીં પરંતુ મહત્વપૂર્ણ બનાવવા જણાવી ડીએફઓ લોકેશ ભારદ્વાજે વધુમાં કહ્યું કે, આપણી લડાઈ કોઈ વ્યક્તિ, ધાર્મિક માન્યતા કે પરંપરા સામે નથી પરંતુ સર્પદંશના કારણે થતા અનાવશ્યક મૃત્યુ સામે છે. આજે દરેક ભગતમિત્રો સકંલ્પ કરીએ કે, લોકોનો મારા પરના વિશ્વાસનો ઉપયોગ હું લોકોના જીવન બચાવવા માટે કરીશ. એક કલાકનો વિલંબ કોઈ પરિવાર માટે આખી જિંદગીનો અફસોસ બની શકે છે પરંતુ ભગતમિત્રોનો એક ઝડપી નિર્ણય એક જીવન બચાવી શકે છે. સર્પદંશના દર્દીઓને પણ એક સંદેશ છે કે, સાપ કરડે ત્યારે સમય ન બગાડો, હોસ્પિટલ પહોંચો અને જીવ બચાવો. સર્પદંશ સામેની લડાઈમાં તમામ ભગતમિત્રોનો સહયોગ અમૂલ્ય છે.

સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વાઈસ ચેરમેન અને ધરમપુરના સાંઈનાથ હોસ્પિટલના ડો. ડી.સી.પટેલે જણાવ્યું કે, હું ૧૯૮૭થી સર્પદંશના દર્દીઓની સારવાર કરું છું અને અત્યાર સુધીમાં ૨૨૦૮૧ દર્દીની સારવાર કરી છે. મારી પાસે જે દર્દીઓ વિલંબના કારણે મોડા આવે છે અને મોતને ભેટે છે તેનો હું સાક્ષી છું. આજે સૌ ભગતમિત્રો સર્પદંશથી મૃત્યુ પામતા દર્દીઓને બચાવવાનો સંકલ્પ લઈએ. ભગતમિત્રો પ્રથમ વ્યક્તિ છે કે જેઓ સર્પદંશથી થતા મૃત્યુને શૂન્ય બનાવી શકે છે. સમગ્ર ભારતમાં ભગતમિત્રો અને ડોક્ટરો વચ્ચે દર્દીની સારવારમાં સમય ઘટાડવા માટે કડીરૂપ એવો આ પ્રથમવાર કાર્યક્રમ યોજાયો છે. વધુમાં ડો. ડી.સી.પટેલે પ્રેઝન્ટેશન દ્વારા ભગતમિત્રોને ઝેરી અને બિનઝેરી સાપોના પ્રકાર અને તેના ડંખની અસર અને દર્દીઓની કેસ સ્ટડી સમજાવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના અધ્યક્ષ દક્ષાબેન ગાયકવાડ, તાલુકા પંચાયત સભ્ય ધાકલભાઈ, કપરાડાના સરપંચ ચેંદર ગાયકવાડ, વૈદ્ય અગ્રણી સોનિયાભાઈ ગાયકવાડ, આગેવાન ઈશ્વર ગાયકવાડ, શૈલેષ તુમડા અને મોટી સંખ્યામાં આહવા, વઘઈ, ડાંગ, ધરમપુર અને કપરાડાના ભગતમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધરમપુરના આર.એફ.ઓ હેતલ ભંડારીએ કર્યું હતું.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉમરસાડી ખાતે આવેલ અટલબ્રિજ તેમજ દરિયા કિનારે સફાઈ અભિયાન હાથ ધરાયું

## પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૦**

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૭મી સપ્ટેમ્બરના જન્મદિવસ નિમિત્તે ૧૭મી સપ્ટેમ્બરથી ૧૭મી ઓક્ટોબર એક મહિના સુધી સેવા સંકલ્પ અભિયાન હેઠળ વિવિધ સેવાકીય કાર્યક્રમમાં કરવામાં આવશે.

જે અંતર્ગત પારડી તાલુકાના ઉમરસાડી ખાતે આવેલ અટલ બ્રિજ તેમજ ઉમરસાડી માછીવાડ તેમજ ઉંમરસાડી દેસાઈવાડ દરિયા કિનારે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઉમરસાડી માછીવાડના સરપંચ શ્રીમતી ખુશ્બુબેન ટંડેલ તથા ઉમરસાડી દેસાઈવાડ ગામના સરપંચ શ્રી રાજેશભાઈ સાથે આ અભિયાનમાં ગામના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આ સફાઈ અભિયાનમાં સાથ પુરાવ્યો હતો.

પારડી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ આ સફાઈ અભિયાનમાં ખાસ જોડાઈ પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું.

ઉંમરસાડી ખાતે યોજાયેલા આ સફાઈ અભિયાનમાં ઉમરસાડી માછીવાડના સરપંચ શ્રીમતી ખુશ્બુબેન ટંડેલ, દેસાઈવાડના સરપંચ શ્રી રાજેશભાઈ નાયકા, પારડી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ, પારડી તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, પારડી તાલુકા ન્યાય સમિતિ અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ તેમજ પારડી તાલુકા પંચાયતના કર્મચારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં આ સફાઈ અભિયાનમાં જોડાઈ શ્રમદાન કરી આ અભિયાન સફળ બનાવ્યું હતું.

# વાપી કેબીએસ નટરાજ કોલેજની બે વિદ્યાર્થીનીઓની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સીટી ચેસ ટીમમાં પસંદગી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપીની ચણોદ કોલોની સ્થિત કેબીએસ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજની બે પ્રતિભાશાળી મહિલા ચેસ ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાની 'ઓલ ઈન્ડિયા ઈન્ટર-યુનિવર્સિટી ચેસ (મહિલા) ચેમ્પિયનશિપ'માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરવામાં આવી છે.

પસંદગી પામેલી ખેલાડીઓમાં જ્યોતિ ગઢવી (M.Com. ભાગ-૨) અને દિવ્યા દાસ (F.Y.B.Com.)નો સમાવેશ થાય છે. આ બંને વિદ્યાર્થીનીઓ રાજસ્થાનની જેજેટી યુનિવર્સિટી ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં VNSGUનું પ્રતિનિધિત્વ કરશે.

આ પસંદગી વિદ્યાર્થીનીઓ અને કોલેજ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. તેમની સફળતા ચેસની રમત પ્રત્યેની તેમની નિષ્ઠા, સખત મહેનત અને સમર્પણભાવને દર્શાવે છે. દરેક ખેલાડીમીત્રોને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.મયુર પટેલ તેમજ રમતના સહાયક શ્રી રોહિત સિંહ દ્વારા પૂરૂ પાડવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ જ્યોતિ ગઢવી અને દિવ્યા દાસને તેમની પસંદગી બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આગામી રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપમાં તેમની સફળતા માટે શભેચ્છાઓ આપી હતી.

# વાપી ચણોદ કોલોની મહાકાળી મિત્ર મંડળ ગણેશ ઉત્સવની ભાજપ કોર્પોરેટર અને કાર્યકર્તાઓએ મુલાકાત લઈ દર્શન આરતી કરી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

આજરોજ તા.૧૯ સપ્ટે. ૨૦૨૬ને શનિવારે શ્રી મહાકાલી મિત્ર મંડળ ( રામ મંદિર , ચણોદ કોલોની ) આયોજિત ગણેશ મહોત્સવમાં ગીતાબેન પટેલ (ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ મહિલા મોરચા), સુનીતાબેન તિવારી (વાપી મહાનગર પાલિકાનાં દંડક અને વોર્ડ નં.૩નાં કોર્પોરેટર) , મહેશભાઈ ભટ્ટ ( સંયોજક - ભાજપ આર્થિક સેલ , વલસાડ જીલ્લો), સુધીરભાઈ સાવલિયા,( પૂર્વ વાપી નોટીફાઈડ ભાજપ મહામંત્રી ), વનરાજ ભાઈ ગૌદાની ( પૂર્વ ચણોદ ગ્રામ પંચાયત સભ્ય ) વિગેરેએ શ્રી ગણપતિ દાદાનાં દર્શન કરી શ્રદ્ધાપૂર્વક પૂજન-અર્ચન અને આરતીમાં સામેલ થયા હતા.

ઉપસ્થિત મહાનુભવાનું સન્માન આયોજકો ઉમંગ માહ્યાવંશી, દીપક પાટીલ, અંકિત ત્રિપાઠી, સંકેત લાડ, નિતેશસિંઘ, નરેન તિવારી, ગૌરાંગ ઘોડે વિગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

# પારડી પોલીસ સ્ટેશનના શ્રીજીનું સાતમા દિવસે વિસર્જન : કાયદાના રક્ષકો રિલેક્સ થઈ ઝૂમ્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

સમગ્ર પારડી શહેરમાં ધૂમધામ અને ભક્તિભાવપૂર્વક ગણેશજીની આરાધના થઈ રહી છે અને પોતાની શક્તિ અને ભક્તિ મુજબ લોકો દોઢ દિવસ, અઢી દિવસ, પાંચ દિવસ અને સાતમાં દિવસે ગણેશજીનું વિસર્જન કરી રહ્યા છે.

સમગ્ર મહોત્સવ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં સમગ્ર ગણેશ મહોત્સવ ઉજવાય જેને લઈ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે પારડી પોલીસ ખડે પગે તૈયાર રહે છે પરંતુ પોતાની ફરજ દરમિયાન પણ ભક્તિનો માર્ગ અપનાવી અને સમય કાઢી તેઓ પણ શ્રીજીની સ્થાપના કરી પૂજા અર્ચના કરતા હોય છે.

આ વર્ષે પણ સાતમા દિવસે પારડી પોલીસ સ્ટેશન ખાતેથી શ્રીજીની વિસર્જન યાત્રા ખૂબ ધામધૂમથી નીકળી હતી. હંમેશાં ખાખીમાં રહેતા પોલીસ કર્મીઓ આજે કંઈક અલગ જ અંદાજમાં રિલેક્સ થઈ સાત દિવસના પોતાના શ્રીજીના વિસર્જનમાં મન મૂકીને ઝૂમી ઉઠ્યા હતા અને નાચતા ગાતા બાપાનું વિસર્જન કર્યું હતું.

## બિહારની મહિલા અજાણતા વલસાડ આવી પહોંચતા

# ૧૮૧ અભયમ વલસાડ ટીમે તાત્કાલિક મદદ કરી સુરક્ષિત આશ્રય અપાવ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડના શહેરી વિસ્તારમાં આશરે ૩૦ વર્ષની એક મહિલા છેલ્લા ચાર-પાંચ દિવસથી એકલી જોવા મળતાં એક જાગૃત રાહદારીએ તેમની પરિસ્થિતિ અંગે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર જાણ કરી હતી. કોલ મળતા જ ૧૮૧ અભયમ વલસાડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે સૌપ્રથમ મહિલાની સ્થિતિ અંગે પ્રાથમિક માહિતી મેળવી હતી. ત્યારબાદ મહિલાને વિશ્વાસમાં લઈ શાંતિપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક વાતચીત શરૂ કરવામાં આવી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન મહિલા શરૂઆતમાં માત્ર પોતાનું નામ જણાવી શકી હતી. ૧૮૧ અભયમ ટીમે તેમને આશ્વાસન આપી ધીરજપૂર્વક સમય આપ્યો હતો. કોઈપણ પ્રકારનું દબાણ કર્યા વગર સતત કાઉન્સેલિંગ અને વાતચીત દ્વારા મહિલાની પરિસ્થિતિ તથા જરૂરિયાત સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ધીમે-ધીમે વાતચીત બાદ મહિલાએ જણાવ્યું હતું કે, તે મૂળ બિહારની વતની છે અને એકલા દરગાહ જવા માટે ટ્રેનમાં નીકળ્યા હતા. મુસાફરી દરમિયાન ઊંઘ આવી જતાં તેઓ વલસાડ આવી

**વિશ્વાસપૂર્વક કાઉન્સેલિંગ કરી મહિલાની સલામતીને પ્રાથમિકતા આપી સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સુરક્ષિત પહોંચાડી**

પહોંચ્યા હતા. ત્યારબાદ પરત જવા અંગે યોગ્ય માહિતી ન હોવાથી તેઓ છેલ્લા કેટલાક દિવસોથી વલસાડમાં આમતેમ ફરી રહ્યા હતા. મહિલા પાસે ઓળખપત્ર કે પરિવારજનોનો સંપર્ક ઉપલબ્ધ ન હોવાથી ૧૮૧ અભયમ ટીમે કાઉન્સેલિંગ દરમિયાન મળેલી માહિતીના આધારે તેમના પરિવારજનો તથા સગા-સંબંધીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તાત્કાલિક કોઈ પરિવારજન અથવા સગા-સંબંધીઓનો સંપર્ક થઈ શક્યો નહોતો. મહિલાની પરિસ્થિતિ અને તેઓ અજાણ્યા વિસ્તારમાં એકલા હોવાની વાતને ધ્યાનમાં રાખીને ૧૮૧ અભયમ ટીમે તેમની સલામતીને પ્રાથમિકતા આપી હતી. મહિલાને એકલી ન છોડતાં ટીમે જરૂરી સંકલન અને પ્રક્રિયા હાથ ધરી હતી. ૧૮૧ અભયમ ટીમે મહિલાને ઉપલબ્ધ સહાય, સુરક્ષા અને આગળની જરૂરી પ્રક્રિયા અંગે સરળ ભાષામાં સમજ આપી હતી. તેમજ જરૂરી સહાય માટે સંબંધિત સંસ્થા સાથે સંકલન કરવામાં આવ્યું હતું. આગળની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સુરક્ષિત આશ્રય અપાવવામાં આવ્યો હતો, જ્યાં તેમને જરૂરી સહાય, કાઉન્સેલિંગ અને માર્ગદર્શન મળી શકે. આમ, જાગૃત નાગરિકની સમયસરની જાણ બાદ ૧૮૧ અભયમ વલસાડ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી મહિલાને વિશ્વાસમાં લઈ કાઉન્સેલિંગ કર્યું, તેમની પરિસ્થિતિ અંગે જરૂરી માહિતી મેળવી, પરિવારજનોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો અને જરૂરી સંકલન દ્વારા મહિલાને સુરક્ષિત આશ્રય સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સુરેશ ઉમતીયા: 98259 89444

CHANGE OF NAME
I HAVE CHANGED MY NAME FROM GOHEL JYOTIBEN THOMASBHAI / JYOTI AJAYBHAI PATEL TO **JYOTIBEN GOHEL** AS PER DOCUMENT

CHANGE OF NAME
I HAVE CHANGED MY NAME FROM PATEL AJAYBHAI CHHOTUBHAI / AJAYBHAI CHHOTUBHAI PATEL TO **AJAYBHAI PATEL** AS PER DOCUMENT

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સર્પદંશથી થતા મૃત્યુ અટકાવવા ધરમપુરના સ્નેક રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા દેશમાં પ્રથમવાર અનોખી પહેલ

# કપરાડામાં ભગતમિત્રો માટે સર્પદંશના દર્દીઓને ત્વરિત હોસ્પિટલમાં પહોંચાડવા માટે મહાઅભિયાનનો પ્રારંભ

**ભગતમિત્રો પ્રથમ વ્યક્તિ છે કે જેઓ સર્પદંશથી થતા મૃત્યુને શૂન્ય બનાવી શકે છેઃ ડો. ડી.સી.પટેલ**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

આંતરરાષ્ટ્રીય સર્પદંશ જાગૃતિ દિવસ નિમિત્તે સર્પદંશથી થતા મૃત્યુનં પ્રમાણ ઘટાડવા માટે ધરમપુરના સર્પ સંશોધન સંસ્થાન (સ્નેક રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ) દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારોમાં સર્પદંશના બનાવોમાં લોકો હોસ્પિટલમાં સારવાર કરાવવાને બદલે સીધા ભગત પાસે જતા હોવાથી ઘણીવાર મોતને ભેટવાના બનાવ બને છે. સર્પદંશથી મૃત્યુના બનાવ અટકાવવા માટે એસ.આર.આઈ.ના વાઈસ ચેરમેન ડો.ડી.સી.પેટલની પ્રેરણાથી કપરાડાના કોમ્યુનિટી હોલ ખાતે વલસાડ ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી લોકેશ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને સર્પદંશથી મૃત્યુને અટકાવવા માટે મહાઅભિયાનનો પ્રારંભ કરાયો હતો.

**''સર્પદંશમાં સૌથી કિંમતી વસ્તુ સમય''- ડીએફઓ લોકેશ ભારદ્વાજ દ્વારા ભગતમિત્રોને દર્દીઓને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા અનુરોધ : ભગતમિત્રોને પોતાની ભૂમિકા બદલવા નહી પરંતુ વધુ મહત્વપૂર્ણ બનાવવા માટે અપીલ કરાઈ**

ભગત મિત્રો અને સારવાર કરતા ડોક્ટરો વચ્ચે સમય ઘટાડવા માટે મહત્વની તાલીમના ભાગરૂપે નાયબ વન સરંક્ષક લોકેશ ભારદ્વાજે ભગતમિત્રોને સંબોધન કરતા જણાવ્યું કે, ગામમાં કોઈ બિમાર પડે કે સર્પદંશના બનાવ બને ત્યારે લોકો તમારી પાસે આવતા હોય છે કારણ કે લોકોને તમારા પર વિશ્વાસ હોય છે. જેથી આપ સૌને સેવા માટે ભાગીદાર બનાવવા માંગુ છું અને એ સેવા છે સર્પદંશના દર્દીનો જીવ બચાવવા શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલ પહોંચાડવાની. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અંદાજ મુજબ વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૯ દરમિયાન ભારતમાં ૧૨ લાખ લોકો સર્પદંશથી મૃત્યુ પામ્યા છે એટલે વર્ષે સરેરાશ ૫૮૦૦૦ લોકો મૃત્યુ પામે છે. આ માત્ર એક આંકડો નથી પરંતુ દર વર્ષે હજારો પરિવારમાંથી કોઈ એક વ્યક્તિ સર્પદંશને કારણે જીવ ગુમાવે છે. જો સમયસર યોગ્ય સારવાર મળે તો સર્પદંશના હજારો દર્દીઓના જીવ બચાવી શકાય છે. સર્પદંશમાં સૌથી કિંમતી વસ્તુ સમય છે. આજે આપણી પાસે સર્પદંશના ઝેરની સામે સૌથી અસરકારક

-વધુ પેજ નં.૭ પર

# ઉમરગામ તાલુકાના રાજકારણમાં ગરમાવો

**સરીગામ, સોળસુંબા અને સંજાણ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવા પ્રક્રિયા તેજ : ધારાસભ્ય રમણલાલ પાટકરની રજૂઆત બાદ પ્રાદેશિક કમિશ્નરે ડીડીઓ પાસે માંગ્યો સ્પષ્ટ અભિપ્રાયથી તાલુકા પંચાયતના રાજકીય સમીકરણો બદલાવાના એંધાણ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૦**

ઉમરગામ તાલુકાની ત્રણ મોટી ગ્રામ પંચાયતો સરીગામ, સોળસુંબા અને સંજાણને નગરપાલિકામાં રૂપાંતરિત કરવા માટેની સત્તાવાર પ્રક્રિયા ગતિશીલ બની છે. આ ત્રણેય પંચાયતોની વસ્તી ૨૫,૦૦૦થી વધુ હોવાનું જણાવી પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકરે રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાન પર લઈને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી, સુરત દ્વારા વલસાડના જિલ્લા વિકાસ અધિકારી પાસે નિયત ચેકલિસ્ટ સાથેનો સ્પષ્ટ અભિપ્રાય અને દરખાસ્ત માંગવામાં આવી છે.

આ ત્રણેય ગ્રામ પંચાયતો નગરપાલિકામાં રૂપાંતરિત થશે તો તાલુકા સ્તરે મોટા રાજકીય ઉલટફેર થવાની શક્યતા સેવાઈ રહી છે. જેમાં ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડો.નીરવ શાહે તાલુકા સંગઠનમાંથી બહાર થવું પડી શકે છે. તેવી જ રીતે સરીગામ બેઠક પરથી અપક્ષ ચૂંટણી જીતેલા શ્રી રાકેશભાઈ રાય અને એમની પેનલના સભ્યોનું પદ જોખમમાં આવી શકે છે. અને સોળસુંબા અને સંજાણ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી જીતેલા તાલુકા પંચાયતના સભ્યો પણ તાલુકા પંચાયતની બોડીમાંથી હટી જશે.

આમ, સરીગામના ૩ અને સંજાણના ૧ મળીને કુલ ૪ સભ્યો ઉમરગામ તાલુકા પંચાયતમાંથી દૂર થવાની પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. આ સમગ્ર ઘટનાક્રમને ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરની રાજકીય વ્યૂહરચના અને દાવપેચના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે. કારણ કે ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકરને ભાજપા તાલુકા સંગઠન પ્રમુખ ડોક્ટર નિરવ શાહ પ્રત્યે પણ અણગમો છે.

સંગઠનના પ્રમુખ તરીકેની પસંદગી વખતે ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરે શ્રી અંકુરભાઈ પટેલ માટે સમીકરણો ગોઠવ્યા હતા. જ્યારે શ્રી રાકેશભાઈ રાય તાલુકા પંચાયતમાં વિરોધ પક્ષ તરીકે સફળ નેતૃત્વ કરી રહ્યા છે. અને ભ્રષ્ટાચાર ઉપર અંકુશ આવી જવા પામ્યો છે. અને ભૂતકાળમાં કરેલા ભ્રષ્ટાચારના મડદા ઉખેડવાના કરી રહેલા પ્રયાસથી ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકરનો ખેલ બગડી જાય એવું ચિત્ર સામે આવી રહ્યું છે.

# વાપી ડુંગરા પીએસસી સરકારી હોસ્પિટલની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : ત્રણ સ્થાનિક આરોપી ઝડપાયા

**અરબાજ જાકીર ખલીફા, કરીમ સલીમ મનિહાર, સલમાન સેદુલ્લા ચૌધરી નામના આરોપીઓ પાસેથી પોલીસે ચોરેલ મુદ્દામાલ રીકવર કર્યા**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપી ડુંગરા સ્થિત પી.એસ.સી. સરકારી હોસ્પિટલમાં ગયા સપ્તાહે તાળા તોડી ઘરફોડ ચોરી થઈ હતી. ડુંગરા પોલીસે ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી ત્રણ આરોપીને ઝડપી પાડી ઈલેક્ટ્રોનિક સામાન વિગેરેનો મુદ્દામાલ જપ્ત કર્યા છે.

વાપી ડુંગરા પી.એસ.સી.માં થોડા દિવસ પહેલા ઘરફોડ ચોરી થઈ હતી. ચારેય રાત્રિના સમયે પાછળના દરવાજાનું તાળું તોડી પ્રવેશ લેબોરેટરીના ઈન્સ્ટ્રુમેન્ટ વિગેરે ઈલેક્ટ્રોનિક્સ સાધનોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મેડિકલ ઓફિસરે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ પોલીસે ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

ઝડપાયેલા ત્રણ આરોપીઓમાં અરબાજ જાકીર ખલીફા, રહે. ડુંગરા યુસુફનગર, રાધાબાઈ સાર્વજનિક હોસ્પિટલ પાછળ, કરીમ સલીમ મનીહાર રહે. ડુંગરા પોલીસ ચેકપોસ્ટ પાછળ, લેવીસ સોસાયટી ફલેટ નં.૨૦૧ એ, સલમાન સેદુલ્લા ચૌધરી(મુસ્લિમ) રહે. ડુંગરા ચેકપોસ્ટ મુસા બિલ્ડીંગગ સોફા ફલેટ નં. ૬૦૩નો સમાવેશ થાય છે. ત્રણેય આરોપી પાસેથી પોલીસે હોસ્પિટલમાંથી ચોરી કરેલ મુદ્દામાલ પણ તપાસમાં રિકવર કર્યો છે.

# પારડીમાં પ્લાસ્ટિક ફેબ્રિકેટર અને એફઆરપી મોલ્ડર ટ્રેડર કંપનીમાં આગથી દોડધામ મચી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૦**

પારડી સ્થિત વોટર ફિલ્ટર પ્લાન્ટની પાછળ આવેલા પ્લોટ નંબર ૪૦૦૫ સ્થિત 'પ્લાસ્ટિક ફેબ્રિકેટર અને એફઆરપી મોલ્ડર, ટ્રેડર' નામની ફેક્ટરીમાં રવિવારે બપોરના સમયે અચાનક આગ લાગી હતી. પ્લાસ્ટિક અને એફઆરપીનો જથ્થો હોવાથી આગે ઘડીના છઠ્ઠા ભાગમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઊડતા જોવા મળ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ સૌપ્રથમ પારડી નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાને રાખીને ત્યારબાદ અતુલ અને વલસાડથી પણ ફાયર બ્રિગેડની ટીમોને બોલાવવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. બીજી તરફ બનાવની જાણ થતાં જ પારડી પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ભીડને નિયંત્રિત કરી આગળની તપાસ શરૂ કરી હતી.

# વાપી છીરીની દિકરીએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો તિરંગો લહેરાવ્યો

**કરીના કલ્પેશ કોલતે ૨૦૨૫માં થાઈલેન્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતુંઃ ૨૦૨૬માં તુર્કિમાં ભાગ લીધો**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

વાપી છીરી વલ્લભનગરમાં રહેતી દિકરીએ આંતરરાષ્ટ્રીય ઉડાન કર્યું છે. તુર્કીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રિય (ગ્રેપ્લિંગ (કુસ્તી)) સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને સ્પર્ધામાં સિલ્વર મેડલ વિજેતા બનીને ભારતનો તિરંગો આંતરરાષ્ટ્રીય સ્તરે લહેરાવ્યો છે.

વાપી છીરી વલ્લભનગરમાં રહેતી કરીના કલ્પેશ કોલતેએ ગ્રેપ્લિંગ કુસ્તી સ્પર્ધામાં ભારતે મહારથ કરી છે. ૨૦૨૫માં થાઈલેન્ડમાં યોજાયેલ આ સ્પર્ધામાં તે પ્રથમવાર ભારતનું પ્રતિનિધિત્વ કરી વિજેતા હતી. આ વર્ષે ૨૦૨૬માં તુર્કીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય ગ્રેપ્લિંગ કુસ્તી સ્પર્ધામાં બીજીવાર ભારતનું પ્રતિનિધિત્વ કરીનાએ કર્યું હતું. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સિલ્વર મેડલ વિજેતા બની હતી. વાપી ગુજરાત સહિત ભારતનું નામ આ દિકરીએ રોશન કરીને ભારતનો તિરંગો તુર્કીમાં લહેરાવ્યો હતો. કરીનાએ મેળવેલ સિદ્ધિને અનેક શુભેચ્છાઓ સ્કૂલ સહિત ચોમેરથી મળી હતી.

# વલસાડના જાણીતા એડવોકેટ પી.ડી.પટેલ ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન તરીકે વિજેતા બન્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

ગુજરાત બાર કાઉન્શિલ (એસોસિએશન)ની તા.૧૯ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ હેડક્વાર્ટર ખાતે નવી ટર્મ માટે ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીમાં વલસાડ જિલ્લામાં બાર એસોસિએશનના પ્રમુખ જાણીતા એડવોકેટ પી.ડી.પટેલ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ગત ટર્મમાં તેઓ વાઈસ ચેરમેન તરીકે ચૂંટણીમાં વિજેતા બન્યા હતા.

ગુજરાત ભરના વકીલોની માતૃસંસ્થા ગણાતી ગુજરાત બાર કાઉન્સિલ (એસોસિએશન)માં ૧.૪૦ લાખ વકીલ સભ્યો ધરાવતી માતબર સંસ્થાએ આ સંસ્થાના ચેરમેન તેમજ અન્ય હોદ્દાઓ માટે તા.૧૯ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીમાં ચેરમેન પદ માટે ૯૯ ઉમેદવારો વચ્ચે રસાકસીનો જંગ હતો. આ ચૂંટણીમાં વલસાડના જાણીતા એડવોકેટ પી.ડી.પટેલ ચેરમેન પદે ચૂંટાઈ આવ્યા હતા. ગત રોજ રાત્રે વલસાડમાં તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં વકીલો અને મિત્રો શુભેચ્છકોએ તેમનું ઉષ્માભર્યુ સન્માન કર્યુ હતું.

આ પ્રસંગે એડવોકેટ પી.ડી.પટેલે જણાવ્યું હતું કે, હું વકીલો જરૂરીયાત અને સમસ્યા માટે સતત પ્રયત્નશીલ રહીશ, વ્યારા, વલસાડ, ડાંગ, નવસારી, સુરતના વકીલોનો આભાર માન્યો હતો. પી.ડી.પટેલની ચેરમેન પદે વિજેતા બનવા દક્ષિણ ગુજરાતનો દબદબો રહ્યો હતો.

'યુવા શક્તિ જ વિકસિત ભારતની સાચી શક્તિ'

# ધરમપુરમાં Gen-Z યુવાનો સાથે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલનો સંવાદ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૦**

નશામુક્ત યુવા તથા વિકસિત ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત ધરમપુર ખાતે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે ધરમપુર વિસ્તારના Gen-Z યુવાનો સાથે સંવાદ કરી નશામુક્તિ, સ્વસ્થ જીવનશૈલી, યુવા શક્તિની સામાજિક જવાબદારી અને વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન યુવાનો સાથે સીધો સંવાદ સાધતા શ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'યુવા શક્તિ જ વિકસિત ભારતની સાચી શક્તિ છે.' દેશના યુવાનોની પોતાની ઊર્જા, પ્રતિભા અને સમયનો સકારાત્મક દિશામાં ઉપયોગ કરે અને નશા જેવી હાનિકારક પ્રવૃત્તિઓથી દૂર રહીને સ્વસ્થ તથા સંકલ્પબદ્ધ જીવન જીવે તે આજની મહત્વપૂર્ણ જરૂરિયાત છે.

તેમણે જણાવ્યું કે, આજનો Gen-Z યુવા ટેકનોલોજી, નવીનતા અને નવા વિચારો સાથે જોડાયેલો છે. આવી યુવા શક્તિ જો રચનાત્મક પ્રવૃત્તિઓ, શિક્ષણ, રમતગમત, કૌશલ્ય વિકાસ અને સમાજસેવા સાથે જોડાય તો સમાજમાં વ્યાપક સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

ધરમપુર વિસ્તારના યુવાનો સાથેના સંવાદ દરમિયાન યુવાનોના વિચારો અને પ્રશ્નોને પણ સાંભળવામાં આવ્યા હતા. યુવાનોને પોતાના જીવનમાં સકારાત્મક લક્ષ્ય નક્કી કરી આગળ વધવા તેમજ પોતાના મિત્રો અને આસપાસના સમાજમાં પણ નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

શ્રી અરવિંદભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે મજબૂત અને સ્વસ્થ યુવા પેઢી જરૂરી છે. યુવાનોમાં રહેલી અપાર ઊર્જાને યોગ્ય દિશા મળે અને તેઓ વિકાસની યાત્રામાં સક્રિય ભાગીદાર બને તે માટે આવા સંવાદો મહત્વપૂર્ણ છે.

આ પ્રસંગે નશામુક્ત યુવા, સશક્ત યુવા અને વિકસિત ભારતના સંકલ્પને આગળ વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ધરમપુરની યુવા શક્તિ રાષ્ટ્રનિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે અને નવી પેઢી માટે સ્વસ્થ, સશક્ત તથા પ્રેરણાદાયી વાતાવરણનું નિર્માણ થાય તેવો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ નિમિત્તે જિલ્લા યુવા અધિકારી શ્રી આયુષ ચૌધરી જી. જિલ્લામાંથી પોલીસ અધિકારી ગણ, તથા મોટી સંખ્યામાં યુવા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના ધરમપુર ચોકડી નજીક જોધપુર સ્વીટ્સમાં ફૂડ વિભાગની તપાસ

**સ્ટ્રોબેરી બરફી અને કચોરીના નમૂના લેવામાં આવ્યા, કચોરી અને સમોસા તળવાના તેલનો નાશ કરાયો**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વલસાડના ધરમપુર રોડ પર અબ્રામા ખાતે ધરમપુર ચોકડી નજીક આવેલી જોધપુર સ્વીટસમાં તપાસ કરવામાં આવી હતી. ફૂડ સેફટી ઓફિસર બી.કે. પટેલ દ્વારા સ્ટ્રોબેરી બરફી અને કચોરીના નમૂના લેવામાં આવ્યા હતા જે પૃથ્થકરણ અર્થે રાજકોટ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જોધપુર સ્વીટ્સ દુકાનમાં કચોરી અને સમોસા તળવાના તેલનું TPC 34.5% આવતા આશરે ૬.૫ લીટર તળેલા તેલનો નાશ કરવામાં આવ્યો હતો. આશરે પાંચ કિલો બેકરી પ્રોડક્ટસનો નાશ કરવામાં આવ્યો હતો. જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# પારડીની તાજ બેકરી પર ફૂડ વિભાગની આકસ્મિક તપાસઃ હાઈજિનના નિયમોના ભંગ બદલ નોટિસ ફટકારાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૦**

વલસાડ જિલ્લાના પારડી વિસ્તારમાં આવેલી તાજ બેકરી પર ફૂડ સેફટી ઓફિસર કે.એ. પટેલ દ્વારા સ્વતંત્ર સાક્ષીઓની ઉપસ્થિતિમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પેઢીના માલિક જાહિદખાન ઈલાહીખાન પઠાણ હાજર રહ્યા હતા. તપાસમાં અન્ન સુરક્ષા અને ગુણવત્તાના ધોરણો બાબતે ગંભીર અનિયમિતતાઓ ધ્યાને આવી હતી, જેમાં પેઢીમાં પેસ્ટ કંટ્રોલ કરાવવામાં આવ્યુ નથી. પ્રોડક્ટ ટેસ્ટિંગ રિપોર્ટ ઉપલબ્ધ ન હતો. બારી અને દરવાજા ખુલ્લા રાખવામાં આવતા હોવાથી જીવાતોના પ્રવેશ અટકાવવા માટેની યોગ્ય વ્યવસ્થાનો અભાવ જણાયો હતો. દીવાલો, છત અને દરવાજા પરનું પેઈન્ટ ઉખડી ગયેલું હતું તથા કણો ખરી રહ્યા હતા. ફૂડ સુપરવાઈઝર માટેનું 'ફોસ્ટાક' ટ્રેનિંગ સર્ટિફિકેટ પણ હાજર મળી આવ્યું ન હતું. ઉપરોક્ત બાબતો 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લાઈસન્સિંગ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ ફૂડ બિઝનેસિસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૧'ના

-વધુ પેજ નં.૭ પર